**સંઘ જાહેર સેવા આયોગ (UPSC)** તથા **ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)** આયોજિત
મુખ્ય લેખિત પરીક્ષાઓ માટે ઉપયોગી અદ્યતન અભ્યાસક્રમ આધારિત પુસ્તક

# લોકપ્રશાસન અને શાસન

# PUBLIC ADMINISTRATION AND GOVERNANCE

**LIVE BOOK**



**FIRST TIME WITH DETAILED**

**2ND ARC REPORT**


લેખન, સંપાદન અને વીડિયો લેક્ચર્સ
**માધવ ધોળકિયા**

લેખન સહાયક
**શિવાંગ ગોર**



UNITY PUBLICATION

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| 1 | શાસનનો અર્થ અને પરિમાણો | 1 |
| 2 | સુશાસનનો અર્થ અને પરિમાણો | 13 |
| 3 | નૈતિક શાસનનો અર્થ અને પરિમાણો | 35 |
| 4 | સુશાસન માટે જરૂરી મૂલ્યો | 55 |
| 5 | ભારતમાં વહીવટનો ઇતિહાસ અને વિકાસ | 73 |
| 6 | ભારતમાં વહીવટી માળખું | 125 |
| 7 | લોકશાહીમાં સિવિલ સેવાઓની ભૂમિકા | 157 |
| 8 | ભારતમાં સંસ્થાકીય માળખું | 167 |
| 9 | વહીવટી કાયદાઓ | 191 |
| 10 | લોક નીતિ | 213 |
| 11 | શાસનમાં સુધારા માટે પ્રયત્નો | 229 |
| 12 | ઇ-શાસન | 253 |
| 13 | નાણાકીય પ્રશાસન | 271 |
| 14 | શાસનમાં નાગરિક ભાગીદારી | 287 |
| 15 | પર્યાવરણીય શાસન | 319 |
| 16 | પોલીસ અને જેલ સુધાર | 327 |
| 17 | કોર્પોરેટ શાસન | 341 |
| 18 | ભ્રષ્ટાચાર | 353 |
| 19 | ભ્રષ્ટાચાર નિવારણ અંગે સંસ્થાઓ | 365 |
| 20 | અધિકાર સંલગ્ન મુદ્દાઓ અને સંસ્થાઓ | 383 |
| 21 | દ્વિતીય વહીવટી સુધારણા આયોગ | 425 |

# ૧. શાસનનો અર્થ અને પરિમાણો

- શાસન : પ્રાથમિક સમજૂતી
- શાસનના તત્વો અને હિસ્સેદારો
- શાસનના પરિમાણો
- રાજનૈતિક પરિમાણ
- કાનૂની તથા ન્યાયિક પરિમાણ
- વહીવટી પરિમાણ
- આર્થિક પરિમાણ
- સામાજિક અને પર્યાવરણીય પરિમાણ

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૧

# શાસનનો અર્થ અને પરિમાણો

## MEANING AND DIMENSIONS OF GOVERNANCE

---

### શાસન
GOVERNANCE

શાસનનો ખ્યાલ નવો નથી. વિશ્વમાં પ્રાચીનકાળથી તેની વિભાવના પર વિવિધ વિચારો રજૂ થયેલા છે. જો તેની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કરીએ તો, **શાસન એવી પ્રક્રિયા છે કે જેના અંતર્ગત નીતિઓની રચના અને અમલીકરણ થાય છે.**



સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ, ૧૯૯૭ દ્વારા શાસનની વ્યાખ્યા : **શાસન એટલે જે તે રાષ્ટ્રની રાજકીય, આર્થિક અને વહીવટી સત્તામંડળ દ્વારા રાષ્ટ્રની તમામ બાબતોનું વિવિધ સ્તર પર સંચાલન કરવાની પ્રક્રિયા. જેની રચનામાં વિવિધ પ્રક્રિયાઓ, નિયમો અને સંસ્થાઓ સમાવિષ્ટ છે, જેના દ્વારા નાગરિકો અને વિવિધ સમૂહો પોતાના રાજકીય કે વૈધાનિક અધિકારો ભોગવે છે.**

### શાસનનાં તત્ત્વો
ELEMENTS OF GOVERNANCE

શાસનનાં મુખ્ય બે તત્ત્વો છે. **સરકારને મળતી સત્તાઓનું વહન** તે કેવી રીતે કરે છે તથા **સરકારની યોગ્યતા અને કાયદેસરતા.**

#### સત્તાઓ તથા શક્તિઓનું વહન

સત્તાના વહન અંતર્ગત સરકારની રચના, જવાબદેહિતા સ્થાપિત કરવી, સરકાર પર દેખરેખ અને નિયંત્રણ રાખવું, સરકારને બદલવી વગેરે અંગે સ્પષ્ટ અને પારદર્શી જોગવાઈઓ હોય છે. આ વિચાર અંતર્ગત એવા વ્યવસ્થાતંત્રની રચના કરવામાં આવે કે જેમાં સરકાર, નાગરિક, સમાજ તથા ખાનગી ક્ષેત્ર વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા સંભવ થાય છે. જ્યાં નિર્ણયપ્રક્રિયાના હેતુ માટે સરકાર તથા આર્થિક-સામાજિક ઘટકો વચ્ચે ચર્ચા થાય છે. એવી જગ્યા કે જ્યાં સમાજના ઘટકો કાયદાઓ/નીતિઓ પર પ્રભાવ પાડી નિર્ણયપ્રક્રિયામાં પ્રભાવ

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

## રાજનૈતિક પરિમાણો સામે સમસ્યાઓ
CHALLENGES AGAINST POLITICAL DIMENSION

- **રાજનીતિનું અપરાધીકરણ :** તાજેતરના આંકડા મુજબ લોકસભામાં **૪૩% જેટલા સાંસદો** પર ફોજદારી ગુનાઓનો આક્ષેપ છે, જેમાં **૨૯%થી પણ વધુ પર ખૂન, બળાત્કાર સહિત ગંભીર ગુનાઓનો** આક્ષેપ છે.
- **રાજનૈતિક સત્તાઓનો દુરુપયોગ :** ભારતમાં **વિવિધ ગોટાળાઓ** જેવા કે; બોફોર્સ ગોટાળો, કોમનવેલ્થ ગોટાળો, કોલસા ગોટાળો, 2G સ્પેક્ટ્રમ ગોટાળો વગેરે દ્વારા રાજનૈતિક સત્તાઓનો દુરુપયોગ થયો હોવાનું સામે આવ્યું છે. તાજેતરમાં રાફેલ વિમાનની ખરીદીમાં પણ ગોટાળો થયો હોવાના આક્ષેપો થયા છે.
- **વિકેન્દ્રીકરણ માત્ર શબ્દોમાં : ૭૩મા અને ૭૪મા સુધારા** દ્વારા ભારતમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની સ્થાપના તો થઈ છે, પરંતુ કેરળ કે પશ્ચિમ બંગાળ જેવાં અમુક જ રાજ્યો દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ખરા અર્થમાં સત્તાઓની સોંપણી થઈ છે જ્યારે અન્ય રાજ્યોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પ્રભાવી સત્તાઓ આપવામાં આવી નથી.

## કાનૂની તથા ન્યાયિક પરિમાણ
LEGAL AND JUDICIAL DIMENSION

શાસનનું આ પરિમાણ સરકારની કારોબારી સત્તાઓનું વહન અંકુશિત તથા નિયંત્રિત રીતે થાય છે કે નહીં તે અંગે ચર્ચા કરે છે. આ ઉપરાંત સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી, આંતરિક શાંતિ અને નાગરિક સલામતીની જાળવણી અંગેની કાર્યક્ષમતા અંગે પ્રકાશ પાડે છે.

### કાયદો અને વ્યવસ્થા તથા આંતરિક સુરક્ષા

**કાયદો અને વ્યવસ્થાનું પાલન સરકારનું પ્રાથમિક કર્તવ્ય છે.** સરકારો દ્વારા હંમેશા નિશ્ચિત કરવામાં આવવું જોઈએ કે નાગરિકોને કાયદો અને વ્યવસ્થા જાળવણી સાથે ઉચિત આંતરિક સુરક્ષા સાથેનું વાતાવરણ મળે છે કે જ્યાં તેમનું જીવન અને મિલકતો સુરક્ષિત છે. આ બાબત નાગરિકોને નિર્ભયતા સાથે વિકાસ કરવાની તક આપે છે.

ભારતની વાત કરીએ તો ભારતમાં કાયદો અને વ્યવસ્થાનું પાલન રાજ્ય સરકારોની જવાબદારી છે, જે માટે દરેક રાજ્યો દ્વારા પોલીસતંત્રની વ્યવસ્થા કરવામાં આવી છે તથા આંતરિક સુરક્ષાની જવાબદારી **કેન્દ્રના ગૃહમંત્રાલય** અંતર્ગત છે. જેનું પાલન કરવા વિવિધ સંસ્થાઓ, એજન્સી તથા રક્ષાટુકડીઓની રચના કરવામાં આવી છે. (તેમની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા તેના વિશેષ પ્રકરણમાં કરવામાં આવી છે.)

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# ૨. સુશાસનનો અર્થ અને પરિમાણો

- સુશાસન : પ્રાથમિક સમજૂતી
- સુશાસન અંગે કૌટિલ્યના વિચારો
- સુશાસન અંગે પ્લેટોના વિચારો
- સુશાસન અંગે એરિસ્ટોટલના વિચારો
- સુશાસનના આધુનિક ખ્યાલનો ઉદ્ભવ
- વિશ્વબેન્ક દ્વારા સુશાસનની માપણી અંગેના આધારસ્તંભો
- OECD દ્વારા સુશાસનના અંગો
- સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સુશાસનના અંગો
- સુશાસનના સ્વરૂપો
- સુશાસનના ફાયદાઓ
- સુશાસન સામે નડતર
- સુશાસન માટે રાષ્ટ્રીય સંસ્થા
- સુશાસન માટે પગલાં
- લઘુત્તમ સરકાર મહત્તમ શાસનનો સિદ્ધાંત
- આધુનિક સમયમાં રાજ્યની ભૂમિકા

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૨

# સુશાસનનો અર્થ અને પરિમાણો

## MEANING AND DIMENSIONS OF GOOD GOVERNANCE

### સુશાસન
GOOD GOVERNANCE

**શાસન એક તટસ્થ શબ્દ છે પરંતુ, સુશાસન એ શાસન સાથેની હકારાત્મક બાબતો તથા તેના સાચા ઉદ્દેશ્ય સાથે જોડાયેલ છે.** સુશાસનનો ખ્યાલ નવો નથી. આદિકાળથી તેને વિવિધ સિદ્ધાંતો સ્વરૂપે વર્ણન કરવામાં આવ્યું છે.

રામાયણમાં **'રામરાજ્ય'**નો વિચાર સુશાસન સાથે જોડાયેલ છે તો મહાભારતમાં શ્રીભાગવતગીતામાં સુશાસનને લગતા ખ્યાલ જોવા મળે છે. વેદ-વેદાંગો સહિત પ્રાચીન ભારતીય સાહિત્યમાં સુશાસનના સિદ્ધાંતોની ચર્ચા જોવા મળે છે. મૌર્યકાળમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સુશાસન અને તેને પ્રાપ્ત કરવા વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે. કૌટિલ્યએ જણાવ્યા મુજબ **'પ્રજાના સુખમાં રાજાનું સુખ રહેલું છે'** જે સુશાસનનો વિચાર છે. તો **સમ્રાટ અશોકે** સુશાસનથી એક ડગલું આગળ વધી નાગરિકો તથા **વહીવટદારોમાં નૈતિકતાના વિકાસ** અંગે વિસ્તૃત વિચારો રજૂ કર્યા છે.

આધુનિક સમયમાં સુશાસનની પ્રાપ્તિ માટે વિશેષ અભ્યાસ, ચર્ચાઓ અને પ્રક્રિયાઓ જોવા મળે છે. લોકશાહી અને સમાજના આધુનિકીકરણ સાથે સુશાસનની વિભાવનાનો પણ વિકાસ થતો જાય છે. હવેના સમયમાં સુશાસન માત્ર સત્તાધારી અંગ પૂરતું કે નીતિનિર્માણ પૂરતું મર્યાદિત રહ્યું નથી, પરંતુ તેની ક્ષિતિજોમાં સતત વિસ્તરણ થઈ રહ્યું છે. આ પ્રકરણમાં આપણે તેનાં વિવિધ પરિમાણો, પ્રાપ્તિ અને આ બાબતમાં ભારતની પરિસ્થિતિ પર વિસ્તૃત ચર્ચા કરીશું.

### સુશાસન અંગે કૌટિલ્યના વિચારો
KAUTILYA ON GOOD GOVERNANCE

કૌટિલ્યએ અર્થશાસ્ત્રમાં સુશાસન અંગે પોતાના વિચારો રજૂ કર્યા છે. જે મુજબ સુશાસનની સ્થાપના માટે રાજામાં જરૂરી મૂલ્યો હોવા જોઈએ. તેના મત મુજબ **'પ્રજાના સુખમાં જ રાજાનું સુખ રહેલું છે'.** અહીં રાજા માત્ર એક વ્યક્તિનું પદ છે કે જે શાસન કરે છે. આ રાજા રાજ્ય જ્યારે સરકારનું હૃદય તો નાગરિકો જ છે.

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

આથી કૌટિલ્યના વર્ણન મુજબ, રાજાની મુખ્ય ભૂમિકા **દેશનું શાસન એવી રીતે ચલાવવામાં હોવી જોઈએ કે જેથી પ્રજાનું કલ્યાણ થાય.** કૌટિલ્યના મત મુજબ સુશાસન માટે રાજામાં નીચે દર્શાવ્યા મુજબના ગુણ હોવા જોઈએ.

- વહીવટને અસરકારક રીતે માર્ગદર્શિત કરવાની કળા ધરાવતો હોવો જોઈએ.
- વહીવટી કૌશલ્ય ધરાવતો હોવો જોઈએ.
- ભ્રષ્ટાચારી અધિકારીઓ વિરુદ્ધ કડક પગલાઓ લઈ શકે તેવો હોવો જોઈએ.
- ખરાબ મંત્રીઓના સ્થાને સારા મંત્રીઓને લાવી શકે તેવો હોવો જોઈએ.
- મધ્ય માર્ગ પસંદ કરી કોઈપણ અતિરેકને ટાળવાની કળા ધરાવતો હોવો જોઈએ.
- રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાની કળા ધરાવતો હોવો જોઈએ.
- અધિકારીઓને નિશ્ચિત પગાર અને ભથ્થાંઓ આપવા જોઈએ.
- નૈતિક મૂલ્યો ધરાવતું શિસ્તબદ્ધ જીવન ધરાવતો હોવો જોઈએ.
- પોતાની ફરજ સાથે પોતાના વ્યક્તિત્વને જોડી શકે (પોતાની ફરજ મુજબ વ્યક્તિત્વને ઢાળી શકે) તેવો હોવો જોઈએ.

## સુશાસન અંગે પ્લેટોના વિચારો
### PLATO ON GOOD GOVERNANCE


પ્લેટો પોતાના પુસ્તક 'ધ રિપબ્લિક'માં એક **'દાર્શનિક રાજા'ને** (Philosopher King) આદર્શ રાજા તરીકે દર્શાવે છે. પ્લેટો સમાજમાં રહેલા વિવિધ સંઘર્ષને ટાળી શકાય છે તેવું માનતા હતા. તેમના મત મુજબ, એક વ્યાજબી અને ન્યાયી વ્યવસ્થા દ્વારા સમાજમાં સુમેળભર્યું એકતા ધરાવતું વાતાવરણ સર્જી શકાય છે. આવા સમાજનો દરેક ભાગ કોઈનો પણ ભોગ આપ્યા વગર (નુકસાન પહોંચાડ્યા વગર) વિકાસ પામે છે. પ્લેટોના મત મુજબ આવી **રાજનૈતિક દૃષ્ટિ સદગુણ વગર આવી શકે નહીં.** પ્લેટોના મત મુજબ એક દાર્શનિક રાજામાં નીચે મુજબના ગુણ હોવા જોઈએ.

- દાર્શનિક રાજા **સ્ત્રી કે પુરુષ** હોઇ શકે.
- માત્ર **તેજસ્વી, સ્થિતપ્રજ્ઞ અને સાહસિક** વ્યક્તિ જ રાજા તરીકે પસંદગી પામવા જોઈએ. આવી વ્યક્તિને સંગીત, વ્યાયામ, લશ્કરી વગેરે જેવી વિવિધ કળાઓ પર સઘન તાલીમ આપવી જોઈએ.
- તેમને ન્યાયી, ઉમદા, સારા અને ફાયદાકારક હોવાનું જ્ઞાન આપવું જોઈએ.
- તેમને ભલાઇનું માત્ર જ્ઞાન જ નહીં, પરંતુ **ભલાઈ તેમની માનસિકતા** (તેમનું વ્યક્તિત્વ) હોવી જોઈએ.
- એક શાસકનું લક્ષ્ય સમાજમાં બધા લોકો સાથે આવી સુમેળભર્યું અને ખુશહાલ વાતાવરણ સર્જે તે હોવું જોઈએ.
- તેમના મત મુજબ, એક આદર્શ રાજ્ય કોઈ ખાનગી લાભ માટે સંચાલિત થતું હોતું નથી તથા તે લોકો વચ્ચે સંઘર્ષો રહિત વાતાવરણ સર્જે છે.
- એક દાર્શનિક રાજા પોતાના આનંદ કે લાભ માટે નહીં, પરંતુ જરૂરિયાત માટે શાસન કરે છે. આથી તેમને શાસન પ્રક્રિયા કે તેની સાથે જોડાયેલ સત્તાની પ્ર...

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

UNITY PUBLICATION

## સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સુશાસનનાં અંગો :
## COMPONENTS OF GOOD GOVERNANCE BY UNITED NATIONS




સંયુક્ત રાષ્ટ્રોના **એશિયા અને પ્રશાંત મહાસાગર ક્ષેત્રો માટે આર્થિક અને સામાજિક આયોગ** (UN-ESCAP - United Nations Economic and Social Commission for Asia and Pacific) દ્વારા સુશાસન માટે નીચે દર્શાવ્યા મુજબના આઠ આધારસ્તંભોની ભલામણ કરવામાં આવી.

આ અંગો તથા તેની સ્ ...ત માહિતી નીચે આપેલી છે.

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

# 3. નૈતિક શાસનનો અર્થ અને પરિમાણો

- નૈતિક શાસન : પ્રાથમિક સમજૂતી
- નૈતિક શાસનના ઘટકો
- લોકસેવામાં નૈતિક ચિંતા વધવાનાં કારણો
- વાય. કે. અલઘ સમિતિ (૨૦૨૨)
- ડૉ. એન. સી. સક્સેના રિપોર્ટ (૨૦૧૦)
- નૈતિક સંહિતા અને આચરણ સંહિતા
- પૉલ એપલબી રોપોર્ટ (૧૯૬૧)
- નોલન સમિતિ (૧૯૯૪)
- દ્વિતીય વહીવટી સુધારણા આયોગ - નૈતિક શાસન અંગે ભલામણો
- શાસન સંબંધિત નીતિ આયોગ પરિપત્ર

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

## નોલન સમિતિ (૧૯૯૪)
### NOLAN COMMITTEE (1994)

વર્ષ ૧૯૯૪માં **યુનાઇટેડ કિંગ્ડમમાં નોલન સમિતિ** દ્વારા **જાહેર જીવન માટે જરૂરી સાત સિદ્ધાંતો** રજૂ કરવામાં આવ્યા હતા. જે જાહેર જીવનમાં પાયાના સિદ્ધાંતો કહી શકાય.




## ભારતમાં જોગવાઈઓ
### PROVISIONS IN INDIA

ભારતમાં સિવિલ સેવા અંતર્ગત જરૂરી મૂલ્યોનો વિકાસ વર્ષોની પરંપરા બાદ થયો છે. આ મૂલ્યોને વિવિધ વર્તણૂક અંગેની સંહિતા (આચરણ સંહિતા) સહિત વિવિધ નિયમો લાગુ કરવામાં આવ્યા છે. હાલમાં ભારતમાં અમલ થઈ શકે તેવા **'આચરણ નિયમો'** છે જેમને **કેન્દ્રીય સિ** ...૯૬૪ અંતર્ગત અખિલ ભારતીય સેવાઓના સભ્યો તથા વિવિધ રાજ્યો દ્વારા નાગરિક ... જરાતમાં – **ગુજરાત જાહેર સેવા (વર્તણૂક) નિયમો -**

UNITY PUBLICATION
DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

## ૪. સુશાસન માટે જરૂરી મૂલ્યો

- શાસનમાં જવાબદેહિતા / ઉત્તરદાયિત્વ
- શાસનમાં જવાબદેહીતા લાવવા જોગવાઈઓ
- બંધારણીય નિયંત્રણ
- વૈધાનિક નિયંત્રણ
- કારોબારી નિયંત્રણ
- ન્યાયિક નિયંત્રણ
- સંસ્થાગત નિયંત્રણ
- જન નિયંત્રણ
- શાસનમાં પારદર્શિતા
- શાસનમાં નિષ્પક્ષતા

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૪

# સુશાસન માટે જરૂરી મૂલ્યો

## ETHICAL VALUES FOR GOOD GOVERNANCE

### શાસનમાં જવાબદેહિતા / ઉત્તરદાયિત્વ

ACCOUNTABILITY IN GOVERNANCE

**જવાબદેહિતા એટલે વિવેકાધીન શક્તિઓ ધરાવતી વ્યક્તિએ પોતાનાં કાર્યો/નિર્ણયો પ્રત્યે જવાબ આપવા બંધાયેલ હોવું તથા જો કોઈ કાર્ય અપેક્ષિત પરિણામો ન આપી શકે તો વિવિધ પગલાં સ્વીકારવા તૈયાર હોવું.**

જવાબદેહિતા ધરાવતી વ્યક્તિ પોતાનાં નિર્ણયો, કાર્યો અને ફરજો પ્રત્યે જવાબ આપવા બંધાયેલ હોય છે અને જો કોઈ વસ્તુ અન્-અપેક્ષિત થાય ત્યારે દોષારોપણ કરવાને બદલે તેના વિરુદ્ધ થતાં પગલાં સ્વીકારવા પણ તૈયાર હોય છે. જવાબદેહિતા ધરાવતી વ્યક્તિ અન્ય મૂલ્યો જેવાં કે; સાહસ, ખુલ્લાપણું, ઉદારતા, નિર્ભયતા, સ્પષ્ટતા, નેતૃત્વ વગેરે જેવા ગુણ ધરાવતી હોય છે.

### જવાબદેહિતા અને નૈતિક શાસન

ACCOUNTABILITY AND ETHICAL GOVERNANCE

જવાબદેહિતા અને નૈતિક શાસન એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જવાબદેહિતાની પ્રાપ્તિ માટે અસરકારક તંત્ર નૈતિક શાસનની સ્થાપના કરવા મદદરૂપ થાય છે. નીતિશાસ્ત્રને **'વ્યક્તિગત જવાબદેહિતા'**ના ભાગ સ્વરૂપે જોઈ શકાય છે. જેના દ્વારા અધિકારીના આચરણને વ્યક્તિગત રીતે નિયંત્રિત કરી શકાય છે. એક લોકસેવકમાં જેટલા પ્રમાણમાં નૈતિકતાની સ્થાપના વધુ હશે તેટલા પ્રમાણમાં બાહ્ય દબાવ દ્વારા જવાબદેહિતાની સ્થાપના કરવાની જરૂરિયાતમાં ઘટાડો થશે.

શાસનમાં જવાબદેહિતા વ્યક્તિગત હોય છે અને **વિવિધ પ્રણાલીઓમાં નિશ્ચિત** હોય છે. રાજનૈતિક સૂત્રો અને પ્રભાવોથી ઉપર ઉઠીને કોઈ જાહેર સેવકની લાપરવાહી કે ખોટાં કૃત્યોને બચાવવાનો પ્રયાસ ન કરતા કે વધુ જવાબદેહ તંત્રનો વિકાસ કરવો જોઈએ. નોકરશાહીકરણ ધરાવતી લોકશાહીમાં નીચલા અધિકારી ઉપલા અધિકારીને જવાબદેહ હોય છે તો ઉપલા અધિકારી સરકારને જવાબદેહ હોય છે. સરકાર સંસદને જવાબદેહ હોય છે અને સાંસદો મતદાતાઓને.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# ૫. ભારતમાં વહીવટનો ઇતિહાસ અને વિકાસ

- સિંધુ ખીણની સભ્યતા સમયે રાજનીતિ અને વહીવટ
- વૈદિક યુગમાં રાજ્યવ્યવસ્થા અને વહીવટી તંત્ર
- મૌર્યકાલીન કેન્દ્રીય વહીવટ
- મૌર્યકલીન પ્રાંતિય અને સ્થાનિક શાસન
- કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્રમાં વહીવટના વિચારો
- સપ્તાંગ સિદ્ધાંત
- ગુપ્તકાળમાં કેન્દ્રીય વહીવટ
- ગુપ્તકાળમાં પ્રાંતિય અને સ્થાનિક વહીવટ
- મુઘલકાળમાં શાસન વ્યવસ્થા -કેન્દ્રીય અને પ્રાંતિય વહીવટ
- મનસબદારી વ્યવસ્થા, જાગીરદારી વ્યવસ્થા
- બ્રિટિશકાળમાં બંધારણીય ઈતિહાસ
- બ્રિટિશકાળ દરમિયાન કેન્દ્રીય કારોબારી પરિષદનો વિકાસ
- બ્રિટિશકાળમાં કેન્દ્રીય સચિવાલયની વિકાસ
- બ્રિટિશકાળમાં  નાણાકીય પ્રશાસનનો વિકાસ
- બ્રિટિશકાળમાં સ્થાનિક શાસનનો વિકાસ
- બ્રિટિશકાળમાં ન્યાયિક અંગનો વિકાસ
- બ્રિટિશકાળમાં લોકસેવાઓનો વિકાસ
- લોકસેવાઓના પદો અને સંસ્થાઓનો વિકાસ
- ભારતીય વહી
- આઝાદી બાદ :લોકસેવામાં સુધાર અને વિવિધ સમિતિઓ
- સિવિલ સેવાઓ માટે સંબંધિત ન્યાયાલયના નિર્ણયો

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૫

# ભારતમાં વહીવટનો ઇતિહાસ અને વિકાસ

## HISTORY AND DEVELOPMENT OF ADMINISTRATION IN INDIA

## સિંધુ ખીણની સભ્યતા
INDUS VALLEY CIVILIZATION

### સિંધુ ખીણની સભ્યતા સમયે રાજનીતિ અને વહીવટ
POLITICS AND ADMINISTRATION DURING INDUS VALLEY CIVILIZATION

સિંધુ ખીણની સભ્યતા કાળમાં રાજનૈતિક વ્યવસ્થા અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. **ડી. ડી. કૌસાંબી**ના મત અનુસાર પુરોહિત શાસકો હતા અને **આર. એસ. શર્મા**ના મત મુજબ વ્યવસાયી વર્ગ શાસન કરતો. રાજનૈતિક પ્રકૃતિ ભલે ગમે તે હોય, પરંતુ એક વાત સ્પષ્ટપણે કહી શકાય કે **હડપ્પા સભ્યતામાં કુશળ અને સંગઠિત શાસન વ્યવસ્થા જોવા મળતી હતી.**

### રાજનૈતિક વ્યવસ્થા
POLITICAL SYSTEM

- **રાજનૈતિક કાર્યતંત્ર અને પ્રકૃતિ:** સિંધુ વ્યવસ્થાની વિશેષતા ખાસ કરીને નગરીકરણ એક એવી રાજનૈતિક વ્યવસ્થાની અપેક્ષા રાખે છે કે જે વિકાસ માટે માત્ર સ્પર્ધાત્મકતા ન ધરાવતી હોય, પરંતુ તેનો અમલ કરવા જરૂરી સત્તાઓ પણ ધરાવતી હોય. તો પ્રશ્ન એ ઊભો થાય કે આવા રાજ્યતંત્રની પ્રકૃતિ કેવી હશે?

**અનેક ક્ષેત્રીય રાજ્યોની સંભાવના (PROBABILITY OF SEVERAL REGIONAL STATES)**

ઘણા વિદ્વાનોના મત મુજબ, સિંધુ ખીણ સમયમાં **નાના કબીલા ધરાવતા રાજ્યો** (પોતાની ક્ષેત્રીય ઓળખ સાથે) સંગઠિત રાજ્યમાં પરિવર્તિત થયા હશે અને એક વિશાળ રાજ્યની રચના થઈ હશે.

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

કેન્દ્રમાં રાજા ઉપરાંત **મુખ્યમંત્રી, યુવરાજ, પુરોહિત** અને **મહામાત્ય** (મહામંત્રીઓ)ના પદ મહત્ત્વપૂર્ણ હતા. મૌર્યકાળમાં રાજ્યને વિવિધ કાર્યાલયો કે વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું અને તેના અધ્યક્ષના નિશ્ચિત પદો હતા. મૌર્યકાળમાં સૌથી ઉચ્ચસ્તરના અધિકારી **તીર્થ** કહેવાતા, તથા અર્થશાસ્ત્રના અનુસાર તેની **સંખ્યા ૧૮** હતી, મૌર્યકાળમાં અધ્યક્ષ, મંત્રી તથા મંત્રીઓના નિરીક્ષણમાં કાર્ય કરનાર અધિકારી હતા. તથા અર્થશાસ્ત્રમાં તેની **સંખ્યા ૨૭** હતી.

આ વિભાગો (ખાતાઓ) અને તેના અધ્યક્ષોમાં **અકરાધ્યક્ષ** (ખાણ અને ધાતુકર્મ નિરીક્ષક), **અક્ષપટલાધ્યક્ષ** (નામું (Accounts) અધ્યક્ષ), **અશ્વાધ્યક્ષ** (અશ્વરોહી સેનાના સેનાધ્યક્ષ), **આયુધાગારાધ્યક્ષ** (શાસ્ત્ર વિભાગના અધ્યક્ષ), **બંધનગારાધ્યક્ષ** (કારાગૃહ, જેલ)ના અધ્યક્ષ), **દેવતાધ્યક્ષ** (મંદિરના અધ્યક્ષ), **ધૂતાધ્યક્ષ** (ધૂતક્રીડા, જુગારના અધ્યક્ષ), **ગણિકાધ્યક્ષ** (ગણિકાઓના નિયંત્રક), **ગો અધ્યક્ષ** (પશુપાલકોના અધ્યક્ષ), **હસ્ત્યાધ્યક્ષ** (હાથી દળની સેનાના અધ્યક્ષ), **માન્યાધ્યક્ષ** (ખાણ અધ્યક્ષ), **કોષાધ્યક્ષ** (કોષના અધ્યક્ષ), **કોષ્ટાગારાધ્યક્ષ** (ગોદામોના અધ્યક્ષ), **કુપ્યાધ્યક્ષ** (વન ઉત્પાદોના અધ્યક્ષ), **લક્ષણાધ્યક્ષ** (ટંકશાળના અધ્યક્ષ), **લવણાધ્યક્ષ** (મીઠું, નમકના અધ્યક્ષ), **લોહાધ્યક્ષ** (ધાતુઓ, ખાસ કરીને લોખંડના અધ્યક્ષ), **મનાધ્યક્ષ** (સર્વેક્ષક અને સમયપાલક), **મદ્રાધ્યક્ષ** (પાસપોર્ટ વિભાગના અધ્યક્ષ), **નાગવનાધ્યક્ષ** (હાથી વનપાળ), **નાવાધ્યક્ષ** (જહાજ વાહન (નૌકા) અધ્યક્ષ), **પણ્યાધ્યક્ષ** (રાજ્ય વેપાર નિયંત્રક), **પત્તનાધ્યક્ષ** (બંદરોના નિયંત્રક), **પત્ત્યાધ્યક્ષ** (પાયદળ સેના અધ્યક્ષ), **પૌતવાધ્યક્ષ** (તોલમાપ નિયંત્રક), **રથાધ્યક્ષ** (રથ સેના અધ્યક્ષ), **સંસ્થાધ્યક્ષ** (ખાનગી વેપાર સંરક્ષક), **સીતાધ્યક્ષ** (રાજ્યભૂમિ અને ખેતીવાડી અધ્યક્ષ), **શુલ્કાધ્યક્ષ** (સીમા શુલ્ક અને જકાત (ઓકટ્રોય) અધિકારી), **સુનાધ્યક્ષ** (પશુઓના રક્ષક અને કતલખાના નિયંત્રક), **સુરાધ્યક્ષ** (મદિરા (મધ) નિયંત્રક), **સુત્રાધ્યક્ષ** (વસ્ત્ર આયુક્ત), **સ્વર્ણાધ્યક્ષ** (કિમંતી ધાતુઓ અને આભૂષણોના અધ્યક્ષ), **વિવિતાધ્યક્ષ** (ગૌચર અધ્યક્ષ) નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત વિભાગોના અધ્યક્ષ ઉપરાંત ઘણા **ઉપાયુક્ત** (અધીનસ્થ કર્મચારીઓ) પણ જોવા મળતા જેમાં મહત્ત્વના કર્મચારીઓ તરીકે **ચોરજજુ** (ચોર પકડનાર), **હસ્તિપક** (મહાવત), **કરણિક** (નામું લખનાર), **કાર્મિક** (અમલીકરણ અધિકારી), **નદીપાલ** (નદી રક્ષક), **નાગવનપાલ** (હાથીઓનો રક્ષક), **નિબંધક** (પુસ્તક કે વાંચન સામગ્રી લેખન કરનાર), **નાધાયક** અથવા **નિવિગ્રહ** (ભંડાર સંભાળનાર), **પદપાસિક** (બાંધવાની રસ્સીના અધિકારી), **પણ્યાધિષ્ઠાધાર** (જથ્થાબંધ બજાર નિયંત્રક), **પરિકાર્મિક** (પરિચારક - નર્સ), **રૂપદર્શક** (મુદ્રા નિરીક્ષક), **સૈમિક** (સીમા રક્ષક), **સંખ્યાત્મક** (લેખપાળ), **તજ્જત** (મૂલ્યાંકન કરનાર), **વનચારિક** (ખોજી), **વનપાલ** (વન રક્ષક) વગેરે છે.

મૌર્યકાલીન કેન્દ્રીય વહીવટના મુખ્ય ખાતાઓ આગળ દર્શાવ્યા મુજબના હતા.

### મહેસૂલ વિભાગ (REVENUE DEPARTMENT)

મહેસૂલની આવકના સ્રોતોમાં જમીન, સિંચાઇ, સીમાશુલ્ક, માર્ગશુલ્ક, દુકાનકર, જહાજકર, જંગલ, ખાણ, ઘાસચારો, રાજ્ય ભૂમિ, શિલ્પકારો પર કર, જુગારઘર પર કર વગેરે સામેલ હતા. કૌટિલ્ય દ્વારા આવકના અન્ય સ્રોતોની પણ ચર્ચા કરવામાં આવી છે, જેમકે **પિંડકર** (ગામડાઓ દ્વારા સમયે સમયે ચૂકવવામાં આવતો કર) તથા **સેનભક્તમ** (સેના જે માર્ગોથી નીકળે તેના પર લાગતો કર) વગેરે.

મહેસૂલ વિભાગમાં **સમાહર્તા** ખૂબ મહત્ત્વનું પદ હતું. આ પદને હાલના કલેક્ટરના પદની સાથે સરખાવી શકાય. સમાહર્તા પાસે મહેસૂલ વિભા[illegible]**લાધ્યક્ષ** તથા **મહાલેખપાલના** કાર્યોની દેખરેખ રાખતો તથા આવક અને ખર્ચ પર નિય[illegible]

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

મેગેસ્થનિઝના 'ઇન્ડિકા'માં વર્ણન મુજબ, પાટનગર પાટલીપુત્રનું સંચાલન **'એસ્ટીનોમોઇ'** નામની પાંચ-પાંચ સભ્યોની બનેલી છ સમિતિઓ દ્વારા થતું. આ દરેકના સમિતિઓ અલગ અલગ કાર્યો કરતી. જેમાં **(૧)** મજૂરોના હિતની જાળવણી કરવી, **(૨)** પરદેશીઓની નોંધ રાખવી, **(૩)** નગરમાં જન્મ-મરણની નોંધ રાખવી, **(૪)** રોજગારનું નિયમન કરવું, **(૫)** માલમાં ભેળસેળ અટકાવવી તથા વાજબીભાવે વેચાય તે જોવું અને **(૬)** વેચાણ વેરો ઉઘરાવવાનો સમાવેશ થતો.

## કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્રમાં વહીવટના વિચારો

THOUGHTS OF ADMINISTRATION IN KAUTILYA'S ARTHASHASTRA

કૌટિલ્ય કોણ હતા? કેવા વ્યક્તિ હતા? કે જેમણે આખું વિશ્વ અંધકારમાં ડૂબેલું હતું ત્યારે રાજ્યનીતિશાસ્ત્ર ને શાસનની આટલી સરસ વ્યાખ્યા રજૂ કરી. કૌટિલ્ય નામ દર્શાવે છે કે તે **'કુટિલ ગૌત્ર'**ના હતા. **'ચાણક્ય'** એમ દર્શાવે છે કે તેઓ **ચણકના પુત્ર** હતા અને તેમનું વ્યક્તિગત નામ **'વિષ્ણુગુપ્ત'** હતું. પુરાણો અને બૌદ્ધ સ્રોતો મુજબ તે તક્ષશિલાના અધ્યાપક હતા. ભારતીય પરંપરા તેમજ બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન સંપ્રદાય તમામ એ વાતથી સહમત છે કે કૌટિલ્ય એ નંદવંશનો નાશ કર્યો હતો અને ચંદ્રગુપ્ત મૌર્યને માગધની ગાદી પ્રાપ્ત કરવા મદદ કરી હતી.

અર્થશાસ્ત્ર પુસ્તકની ચર્ચા કરીએ તો, આ પુસ્તક અર્થશાસ્ત્ર વિષયને લાગતું નથી, પરંતુ તે **વહીવટ અને રાજનીતિ સંલગ્ન માર્ગદર્શન આપતું પુસ્તક** છે. કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્રને ભારતીય શાસન અંગે પ્રાચીનતમ ગ્રંથ ગણવામાં આવે છે. અર્થશાસ્ત્રની રચના પછી લખવામાં આવેલા પુસ્તકો અને ગ્રંથોમાંથી માહિતી મળે છે કે કૌટિલ્ય પહેલા ઓછામાં ઓછા ચાર વિશેષ વિચારકો તથા તેર જેટલા વ્યક્તિગત શિક્ષકો દ્વારા રચિત અર્થશાસ્ત્ર હતા. બદનસીબે અગાઉના તમામ અર્થશાસ્ત્ર નષ્ટ થઈ ગયા છે અને માત્ર કૌટિલ્ય રચિત અર્થશાસ્ત્ર જ મળ્યું છે. અગાઉની તમામ કૃતિઓ નષ્ટ થવાનું કારણ એ પણ હોઇ શકે કે કૌટિલ્યનું અર્થશાસ્ત્ર એટલું બહેતર હતું કે અગાઉના ગ્રંથોની ઉપયોગિતા બચી હતી નહીં.

આમ અર્થશાસ્ત્રના અભ્યાસથી ખબર પડે છે કે ભારતમાં સરકાર ચલાવવાની કળા અને વિદેશનીતિ ખૂબ જૂની છે. અમુક વિદ્વાનોના મત મુજબ ભારતમાં આ વિષયોનો વિકાસ **ઇ. પૂર્વે ૬૫૦** થી થયેલો છે.

ભારતમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રને ખૂબ માનવામાં આવતું હતું અને તેની ચર્ચા અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળતી, પરંતુ આ પુસ્તકના તથ્યો ક્યાંય જોવા મળતા ન હતા. અચાનક **૧૯૦૪માં ડૉ. આર. શામશાસ્ત્રી**ના હાથમાં આ પુસ્તકના તથ્યો **ભક્વામીન** દ્વારા લખેલી આલોચના સહિત તાડપત્ર પર ગ્રંથ લિપિમાં મળ્યા. **ડૉ. આર. શામશાસ્ત્રી** એ તેમને મળેલ તથ્યોને **૧૯૦૯માં મૂળ પાઠ તરીકે અને ૧૯૧૫માં તેના અંગ્રેજી ભાષાંતર**ને પ્રકાશિત કર્યા.

## અર્થશાસ્ત્રની રચના

THE COMPOSITION OF ARTHSHASTRA

અર્થશાસ્ત્રનું મૂળ પુસ્તક **પંદર અધિકરણ** (પુસ્તકો)માં વહેંચાયેલ છે. જેમાં પ્રથમ પુસ્તકનો પહેલો અધ્યાય વિસ્તૃત વિષયસૂચિ અંગે માહિતી આ **…ધ્યાય, ૧૮૦ પ્રકરણ** અને **૬ હજાર** જેટલા શ્લોક છે.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

- બ્રિટિશ પ્રશાસનના સમયમાં ભારતમાં મોટા ભાગના વિસ્તારોમાં જિલ્લા કક્ષાએ પ્રશાસનની રચના કરવામાં આવી. આ વ્યવસ્થામાં કેન્દ્રીય પ્રશાસન અને પ્રાંતિય પ્રશાસન વચ્ચે પદ, પ્રતિષ્ઠા અને વેતનમાં ભેદભાવોના લીધે પ્રશાસનને બે ભિન્ન દિશાઓ ઊભરી.

## બ્રિટીશકાળ દરમિયાન પ્રશાસનનો વિકાસ

**DEVELOPMENT OF ADMINISTRATION DURING BRITISH ERA**

ભારતમાં બ્રિટીશકાળ દરમિયાન લોક્પ્રશાસનનાં વિકાસને નીચે મુજબ વિભાજીત કરી શકાય.

1. કેન્દ્રીય કારોબારી પરિષદનો વિકાસ
2. કેન્દ્રીય સચિવાલયનો વિકાસ

## કેન્દ્રીય કારોબારી પરિષદનો વિકાસ :

**DEVELOPMENT OF CENTRAL EXECUTIVE COUNCIL**

- કેન્દ્રીય કારોબારી પરિષદની દૃષ્ટિએ ભારતનાં રાજનૈતિક (બંધારણના વિકાસના) ઈતિહાસને ત્રણ ભાગ માં વિભાજીત કરી શકાય.
    - નિયામક ધારા (રેગ્યુલેટિંગ એક્ટ)થી બ્રિટીશ તાજ હસ્તાંતરણ સુધીનો સમય (૧૭૭૩-૧૮૫૮)
    - બ્રિટીશ તાજ શાસનથી ભારતીયોને જવાબદારીની શરૂઆત (૧૮૫૮-૧૯૧૯)
    - પ્રાંતીય ક્ષેત્રમાં આંશિક સ્વાયતતાથી સંપૂર્ણ સત્તા હસ્તાંતરણ (૧૯૧૯-૧૯૪૭)
- કેન્દ્રીય કારોબારી પરિષદની સ્થાપના સૌપ્રથમ **૧૭૭૩ના નિયામક ધારા (રેગ્યુલેટીંગ એકટ)** દ્વારા કરવામાં આવી.

### સભ્ય સંખ્યામાં વધારો અને કાર્ય વિભાજનનો વિકાસ

- આ કાયદા અનુસાર બંગાળનાં ગવર્નરને કંપનીનાં ભારતીય પ્રદેશોનાં ગવર્નર જનરલ બનાવવામાં આવ્યા તથા તેમની મદદ માટે **ચાર સભ્યોની એક પરિષદ** રચવામાં આવી.
- આ કાયદામાં એવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી હતી કે જેમાં **ગવર્નર જનરલ** પરિષદનાં તમામ નિર્ણયો બહુમતીનાં આધારે લેવામાં આવશે અને તે નિર્ણયોને માનવા માટે ગવર્નર જનરલ બાધ્ય છે.
- ૧૭૮૪માં પસાર કરવામાં આવેલ પીટ્સ અધિનિયમ હેઠળ કારોબારી પરિષદની સભ્યસંખ્યા ઘટાડીને **ત્રણ** કરી દેવામાં આવી.
- ૧૮૩૩નાં ચાર્ટર અધિનિયમમાં કારોબારી પરિષદમાં **કાયદા સભ્ય** (વિધિ સભ્ય) તરીકે ચોથો સભ્ય ઉમેરવામાં આવ્યો.
- ૧૮૬૧ના ભારતીય પરિ[illegible] વધુ એક સભ્ય તરીકે **નાણાં સભ્ય** (વિત્ત સભ્ય)નો ઉમેરો કરવામાં આવ્યો

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

- અંતે એમ કહી શકાય કે, **ભારતમાં આજે પણ મોટાભાગની વહીવટી વ્યવસ્થા બ્રિટીશ શાસન પદ્ધતિનો વારસો છે. જે પરિસ્થિતિ અને જરૂરિયાતને અનુરૂપ સ્વીકારવામાં આવી છે. ભારતીય પ્રશાસનનુ વર્તમાન મોડલ જે આપણી સમક્ષ છે તે એક લાંબી વિકાસયાત્રાનું પરિણામ છે અને તેમાં બ્રિટીશ કાળના પ્રશાસનની ઊંડી છાપ જોવા મળે છે.**

## આઝાદી બાદ લોકસેવામાં સુધાર
CIVIL SERVICES REFORMS POST INDEPENDENCE

### સચિવાલય પુર્નગઠન સમિતિ, ૧૯૪૭
SECRETARIAT REORGANISATION COMMITTEE, 1947

- ભારત સરકાર **દ્વારા ૧૯૪૭માં** સ્વતંત્રતા મેળવ્યા બાદ **ગિરજાશંકર વાજપેયી**ની અધ્યક્ષતામાં **સચિવાલય પુનર્ગઠન સમિતિ**ની સ્થાપના કરવામાં આવી હતી.
- સમિતિએ સચિવાયલમાં ઉપલબ્ધ કર્મચારી સંખ્યાબળની જનશક્તિના સુચારું ઉપયોગ માટે ભલામણ કરી હતી.

### એન. ગોપાલ સ્વામી આયંગર સમિતિ, ૧૯૫૦
N. GOPALASWAMI AYYANGAR COMMITTEE, 1950

- કેન્દ્ર સરકારની કારોબારી અંગે વિસ્તૃત સમીક્ષા કરી **કેન્દ્ર સરકારની મિશનરીમાં પુર્નગઠન અર્થે** પોતાનો રિપોર્ટ રજૂ કર્યો.

### એ. ડી. ગોરવાલા સમિતિ (૧૯૫૧)
A. D. GORWALA COMMITTEE (1951)

- **એ.ડી.ગોરવાલા** દ્વારા **૧૯૫૧માં જાહેર વહીવટ અને રાજ્ય સંગઠનનું કાર્યક્ષમ વર્તન** (Public Administration & Efficient Conduct of State Enterprise) નામથી **૩૦ એપ્રિલ, ૧૯૫૧**ના રોજ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો.
- **સરકારી વિભાગ** અને **જાહેર ઉધમો**માં સંગઠન અને કાયદા પ્રક્રિયાની શરૂઆતની ભલામણ કરતાં ગોરવાલા દ્વારા **સિવિલ સેવાઓમાં અનુશાસન અને ક્ષમતા સુનિશ્ચિત કરવા** માટે વિભિન્ન સુધારાઓની ભલામણ કરી.
- આગળના અહેવાલો કરતાં ગોરાવાલા સમિતિનો આ રિપોર્ટ ઘણી બાબતે ભિન્ન છે. આ સમિતિએ લોકપ્રશાસનને સૂચારું અને કુશળરૂપે કાર્ય કરવા માટે **રાજનેતા અને પ્રશાસક વચ્ચે સમન્વય** પર ભાર મૂક્યો હતો.

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

# ૬. ભારતમાં વહીવટી માળખું

- વહીવટી નિયંત્રણની એન્ગ્લો-સેકશન અને ફ્રેંચ-જર્મેનિક પદ્ધતિ
- ભારતમાં વહીવટી તંત્ર
- સામાન્યકૃત અને નિષ્ણાંત જાહેર સેવાઓ
- મંત્રી-લોકસેવક સંબંધો
- ભારતમાં વહીવટી માળખું - સચિવાલય માળખું
- સચિવાલયની ભૂમિકા કાર્યો
- સચિવાલય : વિવિધ પદો અને ભરતી પરીક્ષા
- ભારતમાં વહીવટી માળખું - અમલીકરણ સંગઠન
- અમલીકરણ સંગઠન મહત્ત્વના પદાધિકારી

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૭

# ભારતમાં વહીવટી માળખું

## ADMINISTRATIVE STRUCTURE IN INDIA

## વહીવટી નિયંત્રણની બે પદ્ધતિ

### TWO FORMS OF ADMINISTRATIVE CONTROL

વિશ્વમાં વહીવટી નિયંત્રણ માટે અલગ અલગ પદ્ધતિઓ જોવા મળે છે. જે વહીવટી તંત્ર પર કારોબારીના નિયંત્રણના આધારે નીચે દર્શાવ્યા મુજબ તેનું મુખ્ય **બે પદ્ધતિમાં** વર્ગીકરણ કરી શકાય.

i. એન્ગ્લો-સેકશન પદ્ધતિ
ii. ફ્રેંચ-જર્મેનિક પદ્ધતિ (ફ્રેન્કોફોન પદ્ધતિ)

## વહીવટી નિયંત્રણની એન્ગ્લો-સેકશન પદ્ધતિ

### ANGLO-SAXON FORM OF ADMINISTRATIVE CONTROL

વહીવટની **એન્ગ્લો-સેક્સન પદ્ધતિ** અમેરિકા, બ્રિટન અને ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં જોવા મળે છે. આ પદ્ધતિમાં વહીવટી તંત્ર સરકાર (કારોબારી અંગ)ની અમલીકરણ એજન્સી તરીકે કામ કરે છે. આથી આ મોડલને **'એજન્સી મોડલ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

વહીવટી નિયંત્રણના આ પ્રકારના મોડલમાં **વહીવટીતંત્ર પર કારોબારી અંગનું સંપૂર્ણ નિયંત્રણ** જોવા મળે છે. વહીવટીના વિવિધ પરિમાણો જેવા કે, વિવિધ પદોની રચના, પદક્રમ (Hierarchy) નક્કી કરવો, વિવિધ પદ પર સત્તાની સોંપણી અને મર્યાદા નક્કી કરવી, વિવિધ કર્મચારીઓની સંખ્યા નક્કી કરવી, વિવિધ કર્મચારી માટે ભરતીની શરતો નક્કી કરવી, તેમની ભરતી કરવી અને નિમણૂંક આપવી, કર્મચારીઓની બદલી, પગાર ભથ્થાં, બઢતી, સેવાની શરતો, વિવિધ પરિસ્થિતિઓમાં પાયરી ઉતાર (Demotion), ફરજમોકૂફી (Suspension) તથા હકાલપટ્ટી (Termination) વગેરે અંગે સરકારનું કારોબારી અંગ સત્તાઓ ધરાવે છે.

એન્ગ્લો સેકશન મોડલનું અગત્યનું પાસું વહીવટી ન્યાય-નિયંત્રણ સંસ્થાઓ અને ટ્રિબ્યુનલો છે. આ વ્યવસ્થામાં વિવિધ ટ્રિબ્યુનલોની રચના અને કાર્યપ્રણાલી પર **કારોબારી અંગનું સંપૂર્ણ પ્રભુત્વ** જોવા મળે છે.

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

- આર્થિક બજેટિંગ માટે મદદરૂપ થવું.
- અમલીકરણ એજન્સી તથા વિવિધ અર્ધસ્વાયત સંસ્થાઓ દ્વારા થતાં નીતિઓ અને કાર્યક્રમોના અમલીકરણ પર દેખરેખ અને નિયંત્રણ રાખવું તથા પરિણામોનું મૂલ્યાંકન કરવું.
- નીતિઓનું અર્થઘટન કરવું.
- નીતિઓના અસરકારક અમલીકરણ માટે અમલીકરણ એજન્સીઓનું વિવિધ વિભાગો અને સરકાર સાથે તાલમેલ સાધવી.
- મંત્રીને તેની સંસદીય (ધારાકીય) જવાબદારીઓનું વહન કરવામાં મદદરૂપ થવું.

## સચિવાલય સંગઠન
SECRETARIAT ORGANISATION

| | |
|---|---|
| **મંત્રાલય / વિભાગના વડા** | સચિવ (Secretary) |
| **વિભાગ / વિંગ ઈન્ચાર્જ** | અધિક / સંયુક્ત સચિવ (Additional / Joint Secretary) |
| **ડિવિઝન ઈન્ચાર્જ** | નિર્દેશક / નાયબ સચિવ (Directory / Deputy Secretary) |
| **શાખા ઈન્ચાર્જ** | ઉપસચિવ (Under Secretary) |
| **સેક્શન ઈન્ચાર્જ** | સેક્શન અધિકારી (Section Officer) |
| **મદદનીશ અધિકારી** | નાયબ સેક્શન અધિકારી (Deputy Section Officer) |

સચિવાલયના માળખામાં એક વિસ્તૃત **પદક્રમ** (Hierarchy) જોવા મળે છે. પ્રસ્તુત ચાર્ટમાં આ પદક્રમ દર્શાવવામાં આવ્યો છે. આ પદક્રમમાં પ્રથમ ત્રણ પદો **'ટોચના સંચાલકો'** (Top Management)' તરીકે ઓળખાય છે તથા ત્યારબાદના ત્રણ પદો **'મધ્યમ સંચાલકો'** (Middle Management) તરીકે ઓળખાય છે. આ તમામ સત્તાધિકારીઓ **'ફિલ્ટર સિદ્ધાંત'** પર કાર્ય કરે છે. એટલે કે દરેક સત્તાધિકારીને તેમના સ્તર પર પદ મુજબની સત્તાઓ અને મર્યાદાઓ સુનિશ્ચિત કરવામાં આવતી હોય છે. વધારામાં આ તમામ સત્તાધિકારીઓ કોઈ વિભાગ કે મંત્રાલયના હિત માટે નહીં, પરંતુ સંપૂર્ણ સરકારના હિત માટે કામ કરે છે. આથી જ કોઈપણ સચિવનું પદ નામ (Designation) **કોઈ વિભાગના સચિવ તરીકે નહીં, પરંતુ ભારત સરકારના કે રાજ્ય સરકારના સચિવ તરીકેનું છે.**

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

## ▮▮ મામલતદાર (નાગરિક પુરવઠા ખાતું)

- તાલુકામાં **અનાજ અને ખાંડના કાર્ડ** રજૂ કરે છે.
- દરેક ગામને **વાજબી ભાવની દુકાનની** સગવડ મળે તે જોવાની જવાબદારી પુરવઠા મામલતદારની છે.
- તાલુકામાં જરૂરી સંખ્યામાં **વાજબી ભાવની દુકાનો ચલાવે** છે.
- જુદા જુદા નિયંત્રણ આદેશો મુજબ નિયંત્રિત ચીજોનો વેપાર કરવા માટે **પરવાના આપવા**, તે **દુકાનોનું ઇન્સ્પેક્શન કરવું** અને **ગેરરીતિઓ સામે પગલાં** લે છે.
- તાલુકામાં નિયમિત અનાજ, ખાંડ, સીંગતેલ, વગેરે વસ્તુઓ **નિયમિત અને નિયત પ્રમાણમાં** દરેકને મળી રહે તે માટે પગલાં લે છે.
- તાલુકામાં જરૂરી અનાજનો **પુરવઠો મેળવવા અને જાળવે** છે.
- તાલુકામાં **સિમેન્ટ, પેટ્રોલિયમ પ્રોડક્ટ, જીવન જરૂરી અને આવશ્યક ચીજોનો** પૂરવઠો મેળવવો અને વાજબી ભાવે મળે તે માટે પગલાં લે છે.
- જુદા જુદા નિયંત્રણ હુકમનો અમલ કરાવે છે.

## ▮▮ સર્કલ ઇન્સ્પેક્ટર /સર્કલ ઓફિસર

- એક તાલુકા હેઠળ જેટલાં ગામો આવતાં હોય તેનું સમાન રૂપે વિભાજન કરી સર્કલની રચના કરવામાં આવે છે.
- નાના તાલુકાઓમાં **બે** તથા મોટા તાલુકાઓમાં **બેથી વધુ** સર્કલોની રચના કરવામાં આવે છે.
- આવા સર્કલનાં દેખરેખ માટે **સર્કલ અધિકારીની** નિમણૂક કરવામાં આવે છે.
- આવા સર્કલ ઓફિસર તલાટી મંત્રી તથા તાલુકા મામલતદાર વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવે છે.
- સર્કલ ઓફિસરને **તાલુકાના ઉદ્દીપક** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વરિષ્ઠ તલાટી કમ મંત્રીને પ્રમોશન આપી સર્કલ ઓફિસર તરીકે નિમણૂક આપી શકાય છે.

### કાર્યો

- **તલાટીની કામગીરીનું નિરીક્ષણ** કરે છે અને જરૂરી માર્ગદર્શન આપે છે.
- ગામના **મહેસૂલી રેકર્ડને હિસાબોની સમયાંતરે ચકાસણી** અને તપાસ કરે છે.
- **હકપત્રકની નોંધ** તપાસી અને તમામ ખેડૂતોનો હક્કો નોંધાય તે જોવે છે.
- બિન પરવાનગી વાવેતરમાં કરવા અને **દબાણો દૂર કરાવવાની** જવાબદારી ધરાવે છે.
- **હદ નિશાનની તપાસણી અને જાળવણી કરે** છે.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# ૭. લોકશાહીમાં સિવિલ સેવાઓની ભૂમિકા

- લોક સેવામાં સિવિલ સેવકોની ભૂમિકા
- ભારતીય લોકતંત્રમાં સિવિલ સેવકોની ભૂમિકા
- સિવિલ સેવામાં લેટરલ એન્ટ્રી

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# લોકશાહીમાં સિવિલ સેવાઓની ભૂમિકા

ROLE OF CIVIL SERVICES IN DEMOCRACY

## લોકશાહીમાં સિવિલ સેવકોની ભૂમિકા

ROLE OF CIVIL SERVICES IN DEMOCRACY

લોકશાહીમાં રાજયની ઈચ્છાઓને લોકસેવાના માધ્યમથી **લોકનીતિ (જાહેરનીતિ) સ્વરૂપે અભિવ્યક્ત** કરવામાં આવે છે. લોકતાંત્રિક રાજ્યોમાં કાર્ય સંચાલન માટે આ સેવાઓ અનિવાર્ય હોય છે. જ્યારથી રાજ્ય સંબંધી દર્શનમાં હસ્તક્ષેપ નીતિથી આગળ વધી **કલ્યાણકારી અથવા સામાજિક કલ્યાણ નીતિ** પર આધારિત ધ્યાન આપવામાં આવ્યું છે ત્યારથી આધુનિક સમયમાં રાજયની કામગીરીમાં વધારો થયો છે.

### લોકસેવાનો વિકાસ

- લોકસેવાનો પ્રારંભ પ્રાચીનકાળમાં રાજાઓ દ્વારા પોતાના સંચાલન માટે કર્મચારીને રાખવાની પધ્ધતિથી લોકસેવા નો પ્રારંભ થયો હતો. જેનું **મુખ્ય કાર્ય શાસક દ્વારા (રાજા દ્વારા)** આપેલ કાર્યોની પૂર્તિ કરવાનું હતું.
- વધતી જતી વસ્તી, વધતું ઉત્પાદન અને વેપાર, આંતરિક તથા આંતરરાષ્ટ્રીય યુદ્ધો, ઔધોગિક નગરોનો વિકાસ, મધ્યમ વર્ગનું વધતું સામાજિક મહત્વ તથા રાજાશાહીનું પતન, વગેરે જેવા અનેક કારણોનાં લીધે અઢારમી સદીના અંતમાં **લોકસેવાઓનું આધુનિકીકરણ** થયું.
- રાજાશાહી શાસન વ્યવસ્થાથી લોકશાહી વ્યવસ્થા સુધીની વિકાસયાત્રામાં જેમ શાસનના સ્વરૂપમાં બદલાવ થતાં ગયા તેમ લોકસેવાના સ્વરૂપમાં પણ બદલાવો આવ્યાં.
- રાજાશાહી વ્યવસ્થામાં લોકસેવાની ભૂમિકા મર્યાદિત હતી અને તમામ શસક વર્ગના હિતો પૂરા કરવા પૂરતી સીમિત હતી. જેમાં જનતાના હિતો માટે કોઈ વિશેષ હેતુ ન હતો.
- લોકશાહીમાં ધારાકીય અંગ દ્વારા કાયદાઓની રચના કરવામાં આવે છે, પરંતુ આ નીતિઓના અમલની જવાબદારી કારોબારી પર રહેલી હોય છે. આ અમલ સિવિલ અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે.

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# સિવિલ સેવામાં લેટરલ એન્ટ્રી

## LATERAL ENTRY IN CIVIL SERVICES

- વર્ષ ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તા બદલાતા સરકારે સિવિલ સેવાના તકનીકી ક્ષેત્રના વિભાગમાં લેટરલ એન્ટ્રી માધ્યમથી સંયુક્ત સચિવના સ્તર પર ભરતી કરવાની યોજના બનાવી હતી. જેમાં વિભિન્ન મંત્રાલયોના **આઠ વિભાગોમાં નિમણુક** આપવામાં આવી.
- **લેટરલ એન્ટ્રીને સરળ ભાષામાં સમજીએ તો ખાનગી ક્ષેત્રના કર્મચારીને સરકારી કોઇ પ્રશાસનિક પદ પર નિમણુક આપવી.**
- આ નિમણુક **અમુક વર્ષો સુધી મર્યાદિત** હોય છે તથા તેમની પસદંગી નોકરશાહી વ્યવસ્થા આધારે થતી નથી.
- વર્તમાન સમયમાં પ્રશાસનિક વ્યવસ્થામાં ઊંચા પદો પર વધુ કુશળ અને પ્રેરક વ્યક્તિની હાજરી વગર તંત્ર વ્યવસ્થિત રીતે કાર્ય નથી કરી શકતું. આથી લેટરલ એન્ટ્રીની જરૂરિયાત ઊભી થઈ છે.
- ઉમેદવારની પસંદગી ક્યાં માપદંડના આધારે થઈ છે તે બાબત પર લેટરલ એન્ટ્રીની સફળતા નિર્ભર છે.
- હાલમાં લેટરલ એન્ટ્રી નિમણુક પ્રક્રિયા **કર્મચારી મંત્રાલય** (MoPP&P) દ્વારા હાથ ધરવામાં આવે છે.

### ભૂતકાળના મહત્ત્વના ઉદાહરણો

- પાછલા ત્રીસ-ચાલીસ વર્ષોમાં ઘણી વખત ઉચ્ચાધિકારી પદે આ રીતે નિયુક્તિ કરવામાં આવી હતી. જેનો કોઈ ખરાબ અનુભવ રહ્યો નથી.
- સિવિલ સેવાઓમાં લેટરલ એન્ટ્રી કોઈ નવો વિચાર નથી, અગાઉ પણ ઘણાં પદો પર નિષ્ણાંતોની નિમણૂક માટે લેટરલ એન્ટ્રીના ઉદાહરણ જોવા મળે છે.
- જેના મહત્ત્વના ઉદાહરણોમાં **ડૉ. મનમોહન સિંહ, મોન્ટેક સિંહ આહલુવાલિયા, શામ પિત્રોડા, રઘુરામ રાજન, નંદન નીલકેણી, ઊર્જિત પટેલ, બિમલ જાલાન** વગેર છે.

### જરૂરિયાત

- દેશમાં પ્રશાસનિક (ઉચ્ચસ્તરે)ખાલી પદોની સંખ્યા નો આંકડો ચિંતાજનક છે. જે અંગે પાછલા કેટલાક વર્ષોમાં દેશમાં પ્રશાસનિક અધિકારી સંખ્યામાં અછત સંબંધિત એક સંસદીય સમિતિના રીપોર્ટમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.
- આંકડાઓ પર નજર કરીએ તો, દેશમાં હાલ સરેરાશ **૨૩ ટકા પ્રશાસનિક પદો** ખાલી છે. બિહારમાં આ આંકડો ૩૭% જેટલો જોવા મળે છે.
- સિવિલ સેવાઓમાં પ્રભાવશાળી બદલાવ તરીકે **કે.પી. હાલન** અને **ટી. સોમનાથન** દ્વારા લેટરલ એન્ટ્રી માટે ભલામણ કરવામાં આવી હતી.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# ૮. ભારતમાં સંસ્થાકીય માળખું

- સંસ્થાકીય માળખું : પ્રસ્તાવના
- બંધારણીય સંસ્થાઓ
- કેન્દ્રીય ચૂંટણી પંચ
- રાજ્ય ચૂંટણી પંચ
- કેન્દ્રીય નાણાં પંચ
- રાજ્ય નાણાં પંચ
- નિયંત્રક અને મહાલેખા પરીક્ષક
- સંઘ, રાજ્ય અને સંયુક્ત જાહેર સેવા આયોગ
- રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ / જનજાતિ / પછાત વર્ગ આયોગ
- વૈધાનિક સંસ્થાઓ
- નિયમનકારી સંસ્થાઓ
- ભારતીય રિઝર્વ બેન્ક
- ભારતીય વીમા નિયમન અને વિકાસ પ્રાધિકરણ
- ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ
- નીતિ આયોગ
- રાષ્ટ્રીય વિકાસ પરિષદ

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૮

# ભારતમાં સંસ્થાકીય માળખું

## INSTITUTIONAL STRUCTURE IN INDIA

## પ્રસ્તાવના
### PREFACE

શાસનના ધારાકીય, કારોબારી અને ન્યાયિક અંગ ઉપરાંત સંસ્થાકીય અંગ પણ શાસનમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે. ઘણી વખત તેને ધારાકીય અંગ હેઠળ જોવામાં આવે છે જ્યારે અમુક વખત તેને એક અલગ અંગ તરીકે જોવામાં આવે છે. આવી સંસ્થાઓને તેની રચનાના આધારે **(૧) બંધારણીય, (૨) વૈધાનિક** તથા **(૩) બિન-બંધારણીય, બિન-વૈધાનિક સંસ્થાઓ** (કારોબારી ઠરાવથી બનેલી સંસ્થાઓ) તરીકે વર્ગીકૃત કરી શકાય છે. આ ઉપરાંત આ સંસ્થાઓ તેની કાર્યપ્રણાલીના આધારે નિયમનકારી કે અર્ધ-ન્યાયિક સંસ્થાઓ તરીકે વર્ગીકૃત કરી શકાય છે.

## બંધારણીય સંસ્થાઓ
### CONSTITUTIONAL BODIES

- બંધારણીય સંસ્થા એટલે કે ભારતીય બંધારણમાં કોઈ અનુચ્છેદ અંતર્ગત જે સંસ્થાની રચના કરવામાં આવી હોય તેવી સંસ્થા. બંધારણીય સંસ્થાઓ **રાજ્યવ્યવસ્થામાં ખૂબ મહત્ત્વ** ધરાવે છે અને મહત્ત્વપૂર્ણ કામગીરી જેમકે સરકારોની ચૂંટણી, નાણાંની ફાળવણી, સરકારી ખર્ચનું ઓડિટ, વગેરે કરતી હોય છે.
- મોટે ભાગે આવી સંસ્થાઓના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે અને તેઓને બંધારણમાં દર્શાવેલી પદ્ધતિ સિવાય બીજી કોઈ પણ પદ્ધતિ દ્વારા હોદ્દા ઉપરથી દૂર કરી શકાતા નથી.
- આ સંસ્થાઓમાં કોઈપણ બદલાવ કરવા **બંધારણીય સુધારો** કરવો પડે છે.
- આવી સંસ્થાઓ મોટેભાગે **ઘણી સ્વાયત્તતા** ધરાવતી હોય છે, પરંતુ સરકારના સંપૂર્ણ નિયંત્રણથી મુક્ત નથી.

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

- આયોગ મુખ્ય ચૂંટણી કમિશનર, સર્વોચ્ચ ન્યાયાલય અથવા ઉચ્ચ ન્યાયાલયના ૨ નિવૃત્ત ન્યાયાધીશ તથા પ્રત્યેક રાજ્યમાંથી ૨ થી ૭ સહાયક સભ્યો કે જેઓ લોકસભા અથવા વિધાનસભામાં ચૂંટાયેલા હોય તેઓની નિમણૂક કરવામાં આવે છે.
- ત્યારબાદ ચૂંટણીના મતવિસ્તારોનું નવેસરથી સીમાંકન કરવામાં આવે છે અને આ નિર્ણય અંતિમ માનવામાં આવે છે. તેમના વિરુદ્ધ કોઈ પણ ન્યાયાલયમાં અપીલ થઈ શકતી નથી.
- પરિસીમન આયોગની આ પ્રકારની વ્યવસ્થાને **'ઝેરિમેન્ડરિંગ (Gerrymandering)'** કહેવાય છે.
- હાલના સમય સુધીમાં ૧૯૫૨, ૧૯૭૩, ૧૯૭૬, ૨૦૦૨માં એમ કુલ ૪ વખત પરિસીમન આયોગની રચના કરવામાં આવી છે.
- હાલમાં વર્ષ ૨૦૦૧ની વસતી ગણતરીને ધ્યાનમાં રાખીને, વર્ષ ૨૦૦૮માં સંસદીય ચૂંટણી ક્ષેત્ર નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે લોકસભા તથા રાજ્યસભાની કુલ સભ્યોની સંખ્યા **વર્ષ ૧૯૭૧ની વસ્તીગણતરીના આધારે** નક્કી કરવામાં આવેલી છે.
- વર્ષ ૨૦૦૯માં સામાન્ય ચૂંટણીમાં અરુણાચલ પ્રદેશ, અસમ, ઝારખંડ, મણિપુર, જમ્મુ-કાશ્મીર અને નાગાલેન્ડને બાદ કરતા બીજા તમામ ક્ષેત્રોના નવુ સીમાંકન કરવામાં આવ્યું છે.
- ચૂંટણી પંચ લોકસભા, રાજ્યસભા અથવા તો રાજ્યના વિધાનમંડળોને પ્રત્યેક ચૂંટણીઓ પહેલા મતદારયાદી તૈયાર કરાવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ મત આપવાની લાયકાત ધરાવતો કોઈ પણ વ્યક્તિ મતાધિકારથી વંચિત ન રહે તે છે.
- ચૂંટણીપંચ દ્વારા **જન પ્રતિનિધિત્વ અધિનિયમ,૧૯૫૧** અનુસાર રાજકીય પક્ષોને ચિહ્નો ફાળવવામાં આવે છે.
- ચૂંટણી પંચ માન્યતા ધરાવતા રાષ્ટ્રીય પક્ષોને વિશેષ **ચૂંટણી ચિહ્ન ફાળવે** છે તથા કોઈપણ પક્ષને ચિહ્ન આપવા, રદ કરવાની તથા ચૂંટણી ચિહ્ન બાબતના વિવાદોનું સમાધાન કરવાની તમામ સત્તા ચૂંટણીપંચના અંતર્ગત છે.
- ચૂંટણી પંચના કેટલાક અર્ધન્યાયિક કાર્યોમાં બંધારણના **અનુચ્છેદ-૧૦૩** અંતર્ગત ચૂંટણી પંચ સંસદસભ્યોની ગેરલાયકાત સંબંધી બાબતે રાષ્ટ્રપતિને તથા બંધારણના **અનુચ્છેદ ૧૯૨** અંતર્ગત રાજ્ય વિધાનમંડળના સભ્યોની ગેરલાયકાત સંબંધી બાબતોમાં રાજ્યપાલને સલાહ આપે છે.
- ચૂંટણી પંચ રાજકીય પક્ષો અને તેના ઉમેદવારો માટે ચૂંટણીની **આચાર સંહિતા** તૈયાર કરે છે.
- ઉમેદવારો દ્વારા ચૂંટણી અંતર્ગત કરવામાં આવતા ખર્ચ માટે કેટલીક રકમ તથા ચૂંટણીનો ખર્ચ વગેરે નક્કી કરે છે.

## રાજ્ય ચૂંટણી પંચ
### STATE ELECTION COMMISSION

- **૭૩માં બંધારણીય સુધારા, ૧૯૯૨** દ્વારા બંધારણના **ભાગ-૯** અંતર્ગત **અનુચ્છેદ-૨૪૩ (કે)** હેઠળ રાજ્ય ચૂંટણી પંચની જોગવાઈ કરવામાં આવી.
- તે અનુસાર રાજ્ય ચૂંટણી પંચ [DEMO COPY] **મણૂક રાજ્યના રાજ્યપાલ** દ્વારા થાય છે.

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

# ૯. વહીવટી કાયદાઓ

- વહીવટી કાયદાઓ પ્રસ્તાવના અને પ્રાથમિક સમજૂતી
- બંધારણીય અને વહીવટી કાયદાઓ
- પ્રત્યાયોજિત વિધાનો
- ટ્રિબ્યુનલો
- ભારતમાં ટ્રિબ્યુનલો
- કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલ
- રાજ્ય વહીવટી ટ્રિબ્યુનલ
- સંયુક્ત વહીવટી ટ્રિબ્યુનલ
- અન્ય ટ્રિબ્યુનલ

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૯

# વહીવટી કાયદાઓ

ADMINISTRATIVE LAWS

## પ્રસ્તાવના
INTRODUCTION

**વહીવટી કાયદાઓ એટલે એવા કાયદાઓ, કે જે રાજ્ય અને અન્ય જાહેર સંસ્થાઓ સાથે સંબંધિત છે.** વહીવટી કાયદાનો અભ્યાસ એ જાહેર શાસનના અભ્યાસની શાખા છે. ભારતીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યાની ચર્ચા કરી તો, **"વહીવટી કાયદાઓ એ વહીવટી અંગોના માળખા, કાર્યો અને સત્તાઓ સંબંધિત કાયદાઓ છે."** વહીવટી કાયદા વહીવટી અંગો (કારોબારી) દ્વારા પોતાની ધારાકીય સત્તાના ઉપયોગ સમયે અને કાર્યો કરતી વખતે હાથ ધરવામાં આવતી વિવિધ પ્રક્રિયાઓ અને પદ્ધતિઓ સાથે સંકળાયેલ છે. તે ઉપરાંત વહીવટી કાયદો એ વહીવટી અંગોની સત્તાઓ પર મર્યાદા સાથે સંબંધિત છે. તેથી આગળ તેમની સત્તાઓને નિયંત્રિત કરવાની પદ્ધતિઓ (જેવી કે કાયદાકીય ઇલાજો) સાથે પણ સંકળાયેલ છે.

બંધારણ અને ધારાકીય કાયદાઓને યોગ્ય રીતે અમલમાં મૂકવા માટે વહીવટી કાયદો વહીવટી અંગ (કારોબારી અંગ)ને નિયમો અને નિયંત્રણો બનાવવાની સત્તા આપે છે. તેમજ તે ચકાસણી કરે છે કે વહીવટ અંગે યોગ્ય સત્તાનો ઉપયોગ થયો છે કે નહીં. આથી જ વહીવટી કાયદાઓમાં **પ્રત્યાયોજિત વિધાનો** (Delegated Legislation), **વહીવટી ટ્રિબ્યુનલો** (Administrative Tribunals) અને **વહીવટી સત્તાઓ પર મુકેલ ન્યાયિક નિયંત્રણો** (Writs)નો સમાવેશ થાય છે.

## વહીવટી કાયદા અને બંધારણીય કાયદા વચ્ચેનો સંબંધ
RELATION BETWEEN ADMINISTRATIVE LAW AND CONSTITUTIONAL LAW

હોલેન્ડ (Holland)ના મતાનુસાર, **'બંધારણીય કાયદાઓ (Constitutional Laws) જો સાર્વભૌમ શક્તિના વિવિધ અંગો વચ્ચે સમજૂતી આપે છે તો વહીવટી કાયદાઓ તે અંગો ને કાર્ય કરવા તૈયાર કરે છે. આ બંને કાયદાઓ એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે.'** કેઇથના (Keith) મતાનુસાર, **'બંધારણીય કાયદા અને વહીવટી કાયદા વચ્ચે તફાવત કરવો [illegible] તફાવત ઊભો કરવો અશક્ય છે અને આવું કરવાના**

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

**તમામ કૃત્રિમ પ્રયત્નો નિષ્ફળ સાબિત થાય.'** જો બંધારણીય કાયદાઓ અને વહીવટી કાયદાઓ વચ્ચે તફાવત સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરી તો નીચે મુજબની દલીલો કરી શકાય-

- વહીવટી કાયદાઓ બંધારણીય કાયદાને આધીન આવતા હોય છે. જેનો હેતુ બંધારણીય કાયદાનું અમલ કરાવવાનો છે. જ્યારે સામા પક્ષે બંધારણીય કાયદાઓ તેમની પ્રકૃતિમાં સર્વોચ્ચતા ધરાવે છે.
- બંધારણીય કાયદાઓ વિવિધ રાજ્યના અંગો સાથે સંલગ્ન હોય છે જ્યારે વહીવટી કાયદાઓ આ અંગોને કાર્યરત રાખવા સંલગ્ન હોય છે.
- બંધારણીય કાયદાઓની પહોંચ બહેતર હોય છે. દાખલા તરીકે તે નાગરિકો, લોકો, સરકારો અને માનવ અધિકારો સંલગ્ન પહોંચ ધરાવે છે. સામા પક્ષે વહીવટી કાયદાઓ વિશેષજ્ઞતા ધરાવતા હોય છે.
- બંધારણીય કાયદાઓની ભાષા વહીવટી કાયદાઓની સાપેક્ષે સરળ હોય છે. વહીવટી કાયદાઓ વધુ જટીલ અને સૂક્ષ્મ માહિતી ધરાવતા હોય છે.

| બંધારણીય કાયદાઓ | વહીવટી કાયદાઓ |
|---|---|
| બંધારણીય કાયદાઓ કોઈપણ દેશના મૂળભૂત અને સર્વોચ્ચ કાયદાઓ હોય છે | વહીવટી કાયદાઓ બંધારણીય કાયદાઓને આધીન રહીને કામ કરતાં હોય છે. |
| બંધારણીય કાયદાઓ રાજ્યના અંગો સાથે સંલગ્ન હોય છે | વહીવટી કાયદાઓ આ અંગોની કામગીરી સાથે સંલગ્ન હોય છે. |
| બંધારણીય કાયદાઓ ખૂબ જ વધુ અવકાશ ધરાવે છે. તે રાજ્યની સત્તાઓ, શાસનના સામાન્ય સિદ્ધાંતો તથા નાગરિકો અને રાજ્ય વચ્ચેના સંબંધો સાથે સંબંધિત છે. | વહીવટી કાયદાઓ સૂક્ષ્મ અવકાશ ધરાવે છે. તે માત્ર વહીવટી સત્તાઓ અને તેમની કામગીરી સાથે સંબંધિત છે. |

## વહીવટી કાયદાઓની જરૂરિયાત

NEED OF ADMINISTRATIVE LAWS

ભારતીય કાયદા પંચે તેના સોળમાં અહેવાલમાં નોંધ્યું હતું કે, વીસમી સદીમાં સમાજ ખૂબ જ જટિલ બન્યો છે અને સરકારના કાર્યો ખૂબ જ વધ્યા છે. સરકાર અગાઉની **અહસ્તક્ષેપ** (Laissez Faire)ની ભૂમિકામાંથી જાહેર સેવા રાજ્ય (Public Service State) અને **કલ્યાણકારી રાજ્ય** (Welfare State)ની ભૂમિકામાં પરિવર્તિત થવાના કારણે સરકારના કારોબારી અંગમાં સત્તાનું સારું એવું સંકેન્દ્રિકરણ થયું છે.

રાજ્યની કામગીરીના વિસ્તારના કારણે **કારોબારી અંગની વિવેકાધીન સત્તાઓનો વિકાસ** થયો છે. અનુભવો પરથી સિદ્ધ થયું છે, કે આવી સત્તાઓ મનસ્ વતી હોય છે. વહીવટી કાયદાનો વિકાસ એ માટે કરાયો છે, કે જેથી વિવેકાધીન સત્તા ા ઉપરાંત, તેની અધોગતિ અટકાવી શકાય અને વહીવટના મનસ્વી અને ગેરકાયદેસર કાર્યો સામે રક્ષણ પૂરું પાડી શકાય.

DEMO COPY
to pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

UNITY PUBLICATION

## પ્રત્યાયોજિત વિધાનો પર સર્વોચ્ચ ન્યાયાલયના નિર્દેશો / ટિપ્પણી
DIRECTIONS/COMMENTS OF SUPREME COURT ON DELEGATED LEGISLATIONS

- **હમદર્દ દવાખાના વિરુદ્ધ ભારત સંઘ** કેસના ચુકાદા સમયે સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા **દવાઓ અને જાદુઇ ઉપાયો (વાંધાજનક જાહેરાતો) અધિનિયમ, ૧૯૫૪** (Drug and Magic Remedies (Objectionable Advertisements) Act, 1954) અંગે નિયમો ઘડવા પર મંત્રીમંડળને ઠપકો આપવામાં આવ્યો હતો. તથા તેમના આ પગલાંને **'બિનપ્રણાલીયુક્ત'** અને **'અનિયંત્રિત'** ગણી તે નિયમોને ગેરબંધારણીય ગણવામાં આવ્યા હતા.
- વર્ષ ૧૯૭૩માં સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ટિપ્પણી કરવામાં આવી હતી કે, **'આધુનિક કલ્યાણકારી રાજ્યોની વ્યાવહારિક જરૂરીયાતો (Pragmatic Necessities) ના લીધે પ્રત્યાયોજિત વિધાનોનો વિકાસ થયો છે.'**

## પ્રત્યાયોજિત વિધાનો અને વિમુદ્રિકરણ
DELEGATED LEGISLATIONS AND DEMONETISATION

- **આરબીઆઇ અધિનિયમ, ૧૯૩૪**ની **કલમ-૨૬(૨)**ની જોગવાઇઓ મુજબ કેન્દ્ર **સરકાર ચલણના કોઈ નિશ્ચિત સમૂહને વૈધાનિક ચલણ (Legal Tender) તરીકે રદ કરવાની સૂચના આપવાનો અધિકાર ધરાવે છે.** સંસદ દ્વારા આ બાબતમાં કોઇપણ ચલણની વૈધાનિક પ્રકૃતિ નિશ્ચિત કરવાની સત્તા કેન્દ્ર સરકારને સોંપવામાં આવી છે.
- જેને પાછળથી ધારાકીય આધાર પર **ગેઝેટમાં પ્રકાશિત કરી અમલ** કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૬માં વિમુદ્રીકરણના નિર્ણય બાદ કેન્દ્રની આ સત્તાને ન્યાયપાલિકામાં **'કેન્દ્ર સરકાર આરબીઆઇ અધિનિયમ, ૧૯૩૪ની કલમ-૨૬(૨)નો ઉપયોગ કેવી રીતે કરી શકે છે તે અંગે કોઈ નિશ્ચિત નીતિ કે માર્ગદર્શિકા નથી, તેથી તે ગેરબંધારણીય છે'** તે આધાર પર પડકારવામાં આવી હતી.
- જોકે સર્વોચ્ચ ન્યાયાલયે આ ચુકાદામાં કેન્દ્ર સરકારની આ સત્તાને ચાલુ રાખી હતી.

## ઉપસંહાર
CONCLUSION

ભારતમાં પ્રત્યાયોજિત વિધાનોની રચના પર ધારાકીય નિયંત્રણ એટલું અસરકારક નથી. કારણ કે પ્રત્યાયોજિત વિધાનો અંગે કોઈ વિશેષ કાયદાની રચના કે સત્તાઓને સ્પષ્ટ કરવામાં આવી નથી. પ્રત્યાયોજિત વિધાનો અંગે એક વિશેષ કાયદાની રચના કરી તેને નિયંત્રિત કરવા તથા સંસદીય સમિતિઓને મજબૂત કરવાની જરૂર છે. વધુમાં નાગરિક સમાજની મદદથી કારોબારી અંગ દ્વારા પ્રસ્તાવિત અને અમલમાં મૂકેલા પ્રત્યાયોજિત વિધાનો અંગે જનતાને જાગૃત કરી જવાબદેહિતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરી શકાય છે. નાગરિક સમાજ પ્રત્યાયોજિત વિધાનો અંગે જાહેર મંચ પર ચર્ચા કરી ચૂંટાયેલ પ્રતિનિધિઓ પ્રત્યે સરકારને જવાબદેહ બનાવી શકે છે. આ ઉપરાંત મીડિયા પ્રત્યાયોજિત વિધાનો અંગે માહિતી ફેલાવી તથા તેને જાહેર ચર્ચામાં લાવી મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

UNITY PUBLICATION
DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# ૧૦. લોક નીતિ

- લોક નીતિ : પ્રાથમિક સમજૂતી
- લોક નીતિ: પ્રકૃતિ, લક્ષણો, પ્રકારો
- ભારતમાં લોક નીતિ
- તાજેતરની લોક નીતિઓ
- ગુજરાત આઇ ટી પોલિસી
- ગુજરાત ઇ-શાસન પોલિસી
- દ્રોણ પ્રમોશન અને યુસેઝ પોલિસી
- ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીટન્સ ટુ ઇંડસ્ટ્રીઝ પોલિસી

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૧૦

# લોક નીતિ

## PUBLIC POLICY

## લોક નીતિ
### PUBLIC POLICY

- લોક નીતિને સામાન્ય શબ્દોમાં **જાહેર નીતિ** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- એક અભ્યાસ શાસ્ત્ર તરીકે લોક નીતિ વિષયની શરૂઆત **૧૯૫૦ના દસકામાં** થઈ ત્યારથી આજ સુધીમાં તેમાં અનેક નવા પરિમાણો જોડાતા ગયા. જેને એક **સામાજિક વિજ્ઞાનની** શાખા તરીકે માન્યતા પ્રાપ્ત કરવા સતત સંઘર્ષ કરવો પડ્યો છે.
- લોક નીતિ એક એવી અવધારણા છે જે આપણા જીવનમાં ઘણી લોકપ્રિય બની ગઈ છે. જેનું આપણે પ્રસંગોપાત સમાચારપત્ર, ન્યૂઝ ચેનલ કે અન્ય માધ્યમથી હંમેશા અવલોકન કરીએ છીએ. આપણે સ્વાસ્થ્ય નીતિ, શિક્ષણ નીતિ, વેતન નીતિ, કૃષિ નીતિ, વિદેશ નીતિ, વગેરે જેવા શબ્દો સતત સાંભળતા રહીએ છીએ.
- લોક નીતિ રૂપે સરકારી કાર્યક્રમોને જનકલ્યાણ સબંધી **નિશ્ચિત ઉદ્દેશ્ય અને લક્ષ્યની પ્રાપ્ત** હેતુ બનાવવામાં આવે છે. જેને દેશની વિભિન્ન સમસ્યાના સમાધાન હેતુની કાર્યવાહી દ્વારા જોઈ શકાય છે.
- લોક નીતિ સરકારી માહિતી, તથ્યો અને તેના ઉદ્દેશોના અનુસરણની પરિણામી કાર્યવાહી છે. જેમાં મહત્ત્વપૂર્ણ સરકારી એજન્સીઓ, રાજનૈતિક કારોબારી, ધારાકીય, વહીવટી તંત્ર અને ન્યાયપાલિકા વચ્ચે ઘનિષ્ઠ સંબંધની જરૂરિયાત હોય છે.

## લોક નીતિ શું છે ?
### WHAT IS PUBLIC POLICY?

- લોક નીતિ સરકારની એવી ગતિવિધિઓને દર્શાવે છે કે જેમાં સરકાર દ્વારા શું કરવું અને શું ન કરવું તે વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરે છે. જે સરકાર દ્વારા કોઇ મહત્ત્વ મુદ્દાના સમાધાન માટે કરવામાં આવતી કાર્યવાહીના ભાગ સ્વરૂપે ઓળખવામાં આવે છે.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

- બિનસરકારી એકમો સાથે **વિચાર વિમર્શનો અભાવ**.
- નીતિ નિર્માણ પૂર્વે વ્યવસ્થિત **વિશ્લેષણ અને એકીકરણનો અભાવ.**
- દૂરદર્શિતાનો અભાવ.

### ભારતમાં લોક નીતિને સુદૃઢ બનાવવા માટેના પગલા

- વિખંડન અને વિભાજનમાં ઘટાડો કરવો.
- કાર્યપાલિકાને નીતિ નિર્માણથી અલગ કરવી અને કાર્યપાલિકાના પ્રાધિકરણનું વિકેન્દ્રીકરણ કરવું.
- સરકારમા બહારથી એકીકરણ અને જ્ઞાનના પ્રવાહમાં સુધારો કરવો.

### આયોજન પંચ બાદ લોક નીતિમાં બદલાવ

નીચે આપેલ ભલામણોના નિર્દેશનમાં ભારત સરકાર દ્વારા દેખરેખ અને મૂલ્યાંકન વાતાવરણમાં સુધારા કરવા માટે એક પહેલ કરી છે જે નીચે મુજબ છે.

- નીતિ આયોગ દ્વારા **વિકેન્દ્રીકૃત સલાહકારી આર્થિક કામગીરી.**
- મંત્રીમંડળ સચિવાલય દ્વારા નિર્મિત પ્રદર્શન પ્રબંધી અને મૂલ્યાંકન પ્રણાલી.
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર અંતર્ગત રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદની જોગવાઈ.
- નાણામંત્રાલય દ્વારા પરિણામ આધારિત બજેટની જોગવાઈ.
- પ્રબંધન સૂચના પ્રણાલીની શરૂઆત.
- કાર્યક્રમ મૂલ્યાંકન સંગઠન.

## આધુનિક લોક નીતિના ઉદાહરણો
EXAMPLES OF MODERN PUBLIC POLICY

### આઈ.ટી./ આઈ.ટી.ઈ.એસ. પોલીસી (૨૦૨૨-૨૦૨૭)
IT/ITES POLICY (2022-2027)

- ગુજરાત વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. આ સાથે ઘણા ક્ષેત્રોમાં પ્રગતિ જોવા મળી અને ઘણા ક્ષેત્રો પ્રગતિના પથ પર છે. આ વિકાસશીલ ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે તથા મેક ઇન ઇન્ડિયા અને સ્ટાર્ટ અપ મિશનને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા નવી IT/ITES પોલિસી જાહેર કરવામાં આવી છે.

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

UNITY PUBLICATION

# ૧૧. શાસનમાં સુધાર અંગે પ્રયત્નો

- માહિતીનો અધિકાર
- માહિતી અધિકાર સંલગ્ન બાબતો
- નાગરિક અધિકાર પત્ર
- નાગરિક અધિકાર પત્ર સંલગ્ન બનતો
- ઈ-નાગરિક અધિકારપત્ર
- સેવોત્તમ મોડલ
- જાહેર સેવા અધિકાર અધિનિયમ
- ગુજરાત (જાહેર સેવાઓ અંગે નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૧૧

# શાસનમાં સુધાર અંગે પ્રયત્નો

## ENDEAVOUR OF REFORMS IN GOVERNANCE

### માહિતીનો અધિકાર
RIGHT TO INFORMATION

### પ્રસ્તાવના અને પૃષ્ઠભૂમિ
PREFACE AND BACKGROUND

ભારતમાં **માહિતી અધિકાર અધિનિયમ (Right to Information Act)** ૨૦૦૫માં લાગુ કરવામાં આવ્યો હતો. માહિતી અધિકાર અધિનિયમ **સુશાસન, પારદર્શિતા અને જવાબદેહીતાના સિદ્ધાંતો** પર ટકેલો છે. આ સાથે ભારતીય બંધારણ પણ નાગરિકોને માહિતીના અધિકારની બાંહેધરી આપે છે. સંસદ દ્વારા પણ એવી વ્યવહારુ પ્રણાલીની રચના કરવામાં આવી છે, જેના ઉપયોગ વડે નાગરિકો સરકારી પ્રક્રિયાઓ, પ્રણાલીઓ, નીતિ નિયમો વગેરે અંગે માહિતી મેળવી શકે.

માહિતી અધિકાર અધિનિયમની રચના પૂર્વેના સમયમાં ભારતીય શાસનતંત્ર પ્રક્રિયાઓમાં ગોપનીયતા અંગેનું વલણ ધરાવતું હતું. ભારતમાં બ્રિટિશકાળમાં **અધિકારિક ગોપનીયતા અધિનિયમ, ૧૯૨૩ (Official Secrets Act, 1923)** લાગુ કરવામાં આવ્યો. આ કાયદા અંતર્ગત સરકારી નોકરશાહ પાસેથી એવી અપેક્ષાઓ રાખવામાં આવતી કે તેઓ પોતાનાં કામકાજ અંગેની માહિતી કોઈ બાહ્ય વ્યક્તિને રજૂ ન કરે. આઝાદી બાદ પણ સરકારી અધિકારીઓમાં આ વલણ જોવા મળતું. તેઓ માહિતીને માત્ર એવા લોકો સુધી રજૂ કરતા જેમને પોતાનાં સરકારી કાર્ય કરવામાં તેની જરૂર રહેતી હતી. અનેક ફાઇલો સામાન્ય રીતે 'ગોપનીય' કે **'ગુપ્ત દસ્તાવેજ'** તરીકે વર્ગીકૃત કરવામાં આવતી હતી. સરકારને આવા 'ગુપ્ત દસ્તાવેજો'ને નિયંત્રક અને મહાલેખા પરીક્ષક તથા ન્યાયપાલિકાઓ સામે પણ ગુપ્ત રાખવાની સત્તા મળતી હતી. સમય જતાં ન્યાયપાલિકાઓએ માહિતીને અટકાવવા અંગે સરકારની સત્તામાં ઘટાડો કર્યો હતો. આ ઉપરાંત પત્રકારો વડે તપાસનીસ અહેવાલો (Investigative reporting) દ્વારા ઘણી વખત એવી બાબતોમાં ઘટસ્ફોટ કર્યા છે, જે બાબતોથી જનતાને અજાણ રાખવામાં આવી હતી.

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

## માહિતીનો અધિકાર વિરુદ્ધ નિજતાનો અધિકાર

RIGHT TO INFORMATION V/S RIGHT TO PRIVACY

- **૨૦૧૭માં જસ્ટિસ પુટ્ટાસ્વામી વિરુદ્ધ ભારત સંઘના** ચુકાદામાં સર્વોચ્ચ ન્યાયલય દ્વારા નિજતાના અધિકાર **અનુચ્છેદ ૧૪, ૧૯** તથા **૨૧**ની જોગવાઇઓ અંતર્ગત મૂળભૂત અધિકાર તરીકે અર્થઘટિત કર્યો.



- આ નિજતાના અધિકારનું સંરક્ષણ વિવિધ કાયદાઓ જેવા કે, **આધાર (વિવિધ નાણાકીય અને અન્ય સબસિડી, લાભ અને સેવાઓની લક્ષિત ડિલિવરી) અધિનિયમ-૨૦૧૬ (Aadhar (Targeted Delivery for Financial and Other Subsidies, Benefits and Services) Act-2016, વ્યક્તિગત માહિતી સંરક્ષણ ખરડો-૨૦૧૯ (Personal Data Protection Bill-2019) તથા ડી. એન. એ. ટેકનોલોજી (ઉપયોગ અને અમલ) નિયમન ખરડો-૨૦૧૯ (DNA Technology (Use and Application) Regulation Bill-2019** વગેરેમાં સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.
- માહિતીનો અધિકાર નાગરિકોને માહિતીની પ્રાપ્તિ કરાવે છે જ્યારે નિજતાનો અધિકાર તેને સુરક્ષિત રાખે છે.
- વૈચારિક રીતે, માહિતીનો અધિકાર તથા નિજતાનો અધિકાર બંને એકબીજાની વિરુદ્ધ નહીં, પરંતુ પૂરક છે.
- જો બંને એક સાથે કાર્ય કરે તો, રાજ્યના અતિક્રમણ સામે નાગરિકોની સ્વતંત્રતાને સુરક્ષિત રાખી શકાય.
- જ્યારે કોઈ માહિતીને માહિતીના અધિકાર અંતર્ગત જાહેર કરવામાં આવે ત્યારે સરકારે ધ્યાન રાખવું જોઈએ કે તે અન્ય સ્વતંત્રતા અને ગરિમાનું હનન ન કરે.
- જ્યારે પણ આ વિરોધાભાસી અધિકારોની સંવાદિતા (Harmony) સામે પ્રશ્ન ઊભો થાય ત્યારે વ્યાપક હિત અને જાહેર નૈતિકતાના વિકાસને ન્યાય આપતો નિર્ણય લેવો જોઈએ.

## ન્યાયિક અંગ અને માહિતીનો અધિકાર

JUDICIARY AND RIGHT TO INFORMATION

**કેન્દ્રીય માહિતી કમિશ્નર, સર્વોચ્ચ ન્યાયાલય વિરુદ્ધ સુભાષચંદ્ર અગ્રવાલ** કેસના ચુકાદામાં પાંચ ન્યાયમૂર્તિની બંધારણીય બેચ દ્વારા સર્વોચ્ચ ન્યાયાલયે ભારતના મુખ્ય ન્યાયાધીશની કચેરીને માહિતી અધિકારી અધિનિયમ અંતર્ગત **'જાહેર સત્તાધિકારી' (Public Authority)** તરીકે ઘોષિત કરી. એટલે કે માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશની કચેરી પાસેથી માહિતી માંગી શકાશે.

- **માહિતી જાહેર કરી શકાશે:** સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશની વ્યક્તિગત સંપત્તિ, કોલેજીયમ દ્વારા ભલામણ કરવામાં આવેલા નામોની યાદી.

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

UNITY PUBLICATION

# ૧૨. ઈ-શાસન

- ઈ-શાસન : પ્રાથમિક સમજૂતી
- ઈ-શાસન ક્રિયા-પ્રતિક્રિયાઓ
- ઈ-શાસનના ફાયદાઓ
- ભારતમાં ઈ-શાસનનો ઈતિહાસ અને વિકાસ
- ઈ-શાસન અંગે તાજેતરના મહત્ત્વના પગલાઓ
- ડિજિટલ ભારત મિશન
- પ્રગતિ પ્લેટફોર્મ
- પી. એમ. ગતિશક્તિ ગુજરાત પોર્ટલ
- ઈ-શાસન સંબંધિત સમસ્યાઓ
- સુધારણા માટે ભલામણો

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૧૨

# ઇ-શાસન

## E-GOVERNANCE

---

## ઇ-શાસન
### E-GOVERNANCE

ઇ-ગવર્નન્સને વ્યાખ્યાયિત કરીએ તો, **સરકારી સેવાઓ પૂરી પાડવા, માહિતીનું આદાન પ્રદાન, વ્યવહારો, અગાઉ અસ્તિત્વમાં રહેલી સેવાઓ અને માહિતીના સંકલન માટે માહિતી અને સંચાર ટેકનોલોજીના ઉપયોગ તરીકે ઇ-શાસનને વ્યાખ્યાયિત કરી શકાય છે.** ઇ-શાસનમાં 'e' નો અર્થ 'ઇલેક્ટ્રોનિક' છે. જ્યારે 'ગવર્નન્સનો' અર્થ શાસન છે એટલે કે **ઇલોકટ્રોનિક માધ્યમની મદદથી થતું શાસન એટલે ઇ-શાસન.** જેનો મુખ્ય હેતુ બધા નાગરિકોને કાનૂની અધિકારોથી સુરક્ષિત રાખવા તથા જાહેર સેવાઓ અને આર્થિક વિકાસના લાભો બધા સુધી પાસે સમાન પહોંચ સુનિશ્ચિત કરવા સંબંધિત છે.

વર્તમાન સમયમાં લોકોના મનમાં એવી ધારણા ઉદભવી છે કે ઇ-ગવર્નન્સ સરકાર પોતાના કાર્યોને અધિક પ્રભાવી રૂપે કાર્ય કરવા માટે સક્ષમ અને સમર્થ બનાવશે.

ICT એટલે સૂચના અને સંચાર આધારિત તકનીકી આંકડાકીય માહિતી નાં ભંડારણ અને પ્રાપ્તિ, સૂચનાનું તત્કાલ વહન તથા પૂર્વ સંચલિત પ્રણાલીની સાપેક્ષે ઝડપથી સુચના અને આંકડાનું પ્રસંસ્કરણ તથા સરકારી સેવા કેન્દ્ર ક્રિયામાં ત્વરિતતા લાવવી ઝડપ અને ન્યાયસંગત ઢંગથી નિર્ણય લેવા, પારદર્શિતા વધારવા જેવી અનેક પહેલોને સુવિધાજનક બનાવે છે.

**કાઉન્સિલ ઓફ યુરોપે** ઇ-ગવર્નન્સને નીચેના ત્રણ અંગોમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગથી ઇ-ગવર્નન્સને વ્યાખ્યાયિત કર્યું છે. **(૧)** જાહેર સત્તાધારી અને નાગરિક સમાજ વચ્ચેના સંબંધો, **(૨)** લોકશાહી પ્રક્રિયાના તમામ તબક્કે જાહેર સત્તાધારીની કામગીરી (ઇલેક્ટ્રોનિક લોકશાહી), **(૩)** ઇલેક્ટ્રોનિક માધ્યમથી જાહેર સેવાઓ પૂરી પાડવી.

**વિશ્વ બેન્ક**ના દૃષ્ટિકોણ મુજબ ઇ-શાસનનો મુખ્ય હેતુ સરકારી એજન્સી દ્વારા **સૂચના તકનીકી** (ICT)ના ઉપયોગથી નાગરિક તથા સરકારના વિવિધ અંગો સાથે સંબંધ પરિવર્તિત કરવાનો છે. આ તકનીકી થકી વિભિન્ન લક્ષ્યો પ્રાપ્ત કરી શકાય છે. ઉદાહરણ તરીકે નાગરિક અને સરકારની વિવિધ સેવાઓની સરળ રીતે આપૂર્તિ, વ્યવસાય અને ઉદ્યોગ સંબંધિત સુધારાની પ્રક્રિયા, વધુ સક્ષમ સરકારી સં[illegible] વધારો, મહેસૂલ વૃદ્ધિ અને ખર્ચમાં ઘટાડો, વગેરે.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

**યુનેસ્કો** દ્વારા ઈ-શાસન ને જનતા તથા અન્ય એજન્સીઓ વચ્ચે માહિતી આપ-લે અંગે સક્ષમતા, ઝડપી તથા પારદર્શી પ્રક્રિયા અને સરકારના પ્રશાસનિક કાર્યોને સુવિધાજનક બનાવવા માટે ઇલેક્ટ્રોનિક માધ્યમોના પ્રયોગરૂપે દર્શાવવામાં આવ્યું છે.

**યુરોપીય** યુનિયન દ્વારા ઈ-શાસનને જાહેર કામગીરીના ત્રણ ક્ષેત્રોમાં ઇલેક્ટ્રોનિક પ્રોધોગિકનાં પ્રયોગના રૂપમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. **(૧)** સરકારી પદાધિકારી તથા નાગરિક સમાજ વચ્ચેનો સંબંધ **(૨)** લોકતાંત્રિક કામગીરીના તમામ ચરણો પર ઇલેક્ટ્રોનિક સુવિધાઓ તથા **(૩)** ઇલેક્ટ્રોનિક જાહેર સેવાઓ.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી **ડો. એ.પી.જે.અબ્દુલ કલામ** દ્વારા સીમા પાર સુરક્ષિત અને આંતર વિભાગીય સીમાઓ વચ્ચે સુરક્ષિત અને સરળ રીતે માહિતીનો પ્રવાહ તથા પ્રમાણિક અને પારદર્શી રીતે પક્ષપાત રહિત સેવાઓ પૂરી પાડવા માટે એક પારદર્શી ઇ-શાસનની પરિકલ્પના કરવામાં આવી હતી.

## ઈ-ગવર્નન્સનું કાર્યક્ષેત્ર
### SCOPE OF E-GOVERNANCE

- **ઇ-શાસન (e-Administration):** રાજ્યના આધુનિકીકરણ માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ. મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન વ્યવસ્થા (MIS) માટે ડેટા રિપોઝેટરીની રચના અને જમીન, આરોગ્ય વગેરેને લગતી માહિતી તથા રેકર્ડનું કમ્પ્યુટરાઇઝેશન.
- **ઇ-સેવાઓ (e-Services):** અહીં રાજ્યને નાગરિકોની નજીક લાવવા પર ભાર મૂકવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ઇ-આરટીઆઇની મદદથી છેવાડાના નાગરિકો માહિતીનો અધિકાર પ્રાપ્ત કરી શકે છે. ઓનલાઇન સેવાઓ જેવી કે ઇ-વહીવટ અને ઇ-સેવાઓ બંને એક સાથે જોડાય તો તેને ઇ-સરકાર તરીકે ઓળખવામાં આવે છે.
- **ઇ-સોશિયલ ગવર્નન્સ (e-Social Governance)**: ઇ-ગવર્નન્સમાં સમાજની જરૂરિયાતોને પહોંચી વળવા તથા સરકારની ક્ષમતાઓમાં સુધારો કરવા માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં નાગરિકો સાથે વ્યવહાર કરવા માટે નીતિઓ અને કાર્યક્રમો સંબંધિત માહિતીના પ્રકાશનનો સમાવેશ થાય છે. તે માત્ર ઓનલાઈન સેવાઓની જોગવાઈથી આગળ વિસ્તરે છે. વ્યૂહાત્મક આયોજન અને સરકારના વિકાસ લક્ષ્યો સુધી પહોંચવા માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગને આવરી લે છે.
- **ઇ-લોકશાહી (e-Democracy):** રાજ્યના શાસનમાં ભાગ લેવા માટે સમાજના તમામ વર્ગોની ક્ષમતાઓને સરળ બનાવવા માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. જેની મદદથી પારદર્શિતા, જવાબદેહીતા અને લોકોની ભાગીદારી લાવવા પર ભાર મૂકવામાં આવે છે. તેમાં નીતિઓની ઓનલાઈન જાહેરાતો, ઓનલાઈન ફરિયાદ નિવારણ, ઇ-જનમત વગેરેનો સમાવેશ થાય છે.

**ઈ-ગવર્નન્સના તબક્કા (STAGES OF E-GOVERNANCE)**

કમ્પ્યુટરાઇઝેશન → ... → **ઓનલાઇન ઇન્ટરેક્ટિવિટી**

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

UNITY PUBLICATION

## ઈ-શાસન માટે તાજેતરના પગલાઓ
RECENT STEPS FOR E-GOVERNANCE

### રાજયવ્યાપી ક્ષેત્ર નેટવર્ક (ભારતનેટ પરિયોજના)

- તમામ રાજય / સંઘ શાસિત પ્રદેશમાં મુખ્ય કચેરીથી લઈ જિલ્લા, તાલુકા અને સ્થાનિક સ્તર સુધી પૂરા દેશમાં વ્યાપક નેટવર્ક સ્થાપિત કરવા લક્ષિત કાર્યક્રમ.
- **નેશનલ ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક** પરિયોજનાની શરૂઆત **ઓક્ટોબર ૨૦૧૧**માં કરવામાં આવી હતી. આ યોજનાનું ૨૦૧૫માં પુનઃનામકરણ કરી **ભારતનેટ પરિયોજના** રાખવામાં આવ્યું હતું.
- આ યોજનાનો મુખ્ય ઉદેશ્ય દેશની **૨.૫ લાખ ગ્રામ પંચાયતો ને ૧૦૦ એમ.બી.પી.એસ.** ઝડપી ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવી.
- જે માટે દુરસંચાર વિભાગ હેઠળ **ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ** જવાબદાર સંસ્થા છે.
- **૮ જાન્યુઆરી, ૨૦૧૮ સુધીમાં** ભારતનેટના પ્રથમ ચરણમાં આશરે **એક લાખ ગ્રામ પંચાયતોનું ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક સાથે જોડાણ** પૂર્ણ.
- હાલ આ યોજનાની મદદથી દેશની તમામ ગ્રામ પંચાયતોને ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક સાથે જોડવામાં આવી છે. જેમાં **ગુજરાત અગ્રેસર રાજ્ય** હતું.

## ડિજિટલ ભારત મિશન
DIGITAL INDIA MISSION

૨૦૧૫માં ઇલેક્ટ્રોનિક અને સૂચના પ્રાધોગિકી મંત્રાલય દ્વારા **ડિજિટલ ભારત મિશન** રજૂ કરાયું. આ મિશન ભારતને જ્ઞાન આધારિત પરિવર્તન માટે તૈયાર કરવાનો કાર્યક્રમ છે. તે વિશાળ સંખ્યામાં વિચારો અને વિચારોને એક વ્યાપક દ્રષ્ટિમાં એક સાથે વણાટ કરે છે જેથી તેમાંથી દરેકને મોટા ધ્યેયના ભાગ તરીકે જોવામાં આવે છે.

### મુખ્ય કાર્યક્ષેત્ર

- જ્ઞાન આધારિત અર્થતંત્રનુ નિર્માણ
- ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં પરિવર્તન

### નવા જોડાયેલ સ્તંભો

- બ્રોડબેન્ડ હાઇવે - બ્રોડ
- જાહેર ઈન્ટરનેટની વ્યવસ્થા

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

## પ્રગતિ પ્લેટફોર્મ

PRAGATI (PRO-ACTIVE GOVERNANCE AND TIMELY IMPLEMENTATION) PLATFORM

### પ્રસ્તાવના

- આ પ્લેટફોર્મની શરૂઆત **૨૫, માર્ચ ૨૦૧૫**થી કરવામાં આવી.
- આ પ્લેટફોર્મની મદદથી આધુનિક તથા સતર્ક પ્રશાસનની શરૂઆત કરવાનો અને તેને સતત પ્રોત્સાહન આપવાનો હેતુ.
- સરકાર દ્વારા આ પ્લેટફોર્મની મદદથી વિભિન્ન હિતધારકો તથા સરકાર અને તેની સંસ્થાઓ વચ્ચે ઇ-જવાબદારી અને ઇ-પારદર્શિતા લાવવા એક મહત્ત્વપૂર્ણ તથા સુદૃઢ પ્રણાલીની સ્થાપના કરવાનો હેતુ.
- પ્રગતિ પ્લેટફોર્મ પોતાની પ્રકૃતિમાં સંવાદમુક્ત અને મલ્ટી મોડલ પ્લેટફોર્મ તથા ઇ-શાસન અને સુશાસન માટે એક અભિનવકારી યોજના.

### ઉદ્દેશ્ય

- સામાન્ય જન ફરિયાદોનું સમાધાન કરવું.
- કેન્દ્ર સરકારના મહત્ત્વના કાર્યક્રમો અને યોજનાઓના અમલીકરણ અંગે સમિક્ષા અને તપાસ કરવી.
- વિડિઓ-કોન્ફરન્સ, ડિજિટલ ડેટા મેનેજમેન્ટ અને જીઓ-ટેગીંગ જેવી તકનીકનો એક સાથે પ્રયોગ કરવો.
- ડિજિટલ માધ્યમની મદદથી **સહકારી સંઘવાદ ને પ્રોત્સાહન** આપવું.
- આ પ્લેટફોર્મના માધ્યમથી મંત્રીમંડળમાંના કોઈ પણ મંત્રી અને તેમના મંત્રાલય તથા વિભાગોની કામગીરી અંગે સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે.
- આ પ્લેટફોર્મની મદદથી જમીની સ્તરે ઉચ્ચ સર્વેક્ષણ અને કામગીરીની માહિતી મેળવી શકાય છે.

### પ્રમુખ બિંદુઓ

- વડાપ્રધાન કાર્યાલય (PMO), કેન્દ્રીય સચિવાલય, તેમજ રાજ્યના મુખ્ય સચિવોને સાંકળતી ત્રિ-સ્તરીય પ્રણાલી.
- સામાન્ય લોક-ફરિયાદ, વિલંબમાં રહેલી પરિયોજના તેમજ ચાલુ પરિયોજના સંબંધિત ડેટાબેઝ પૂરો પાડવો.
- આ પ્લેટફોર્મની મદદથી **દર મહિનાના ચોથા રવિવારે** બેઠકનું આયોજન.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# ૧૩. નાણાકીય પ્રશાસન

- નાણાકીય પ્રશાસન : પ્રસ્તાવના
- બજેટ વ્યવસ્થાનો ઈતિહાસ
- બજેટના કાર્યો, મુખ્ય સિદ્ધાંતો, પ્રકારો
- બજેટમાં સંમેલિત માહિતી
- ભારતમાં બજેટ પ્રક્રિયા
- બજેટની તૈયારી
- સંસદની સ્વીકૃતિ
- બજેટનું અમલીકરણ
- નાણાંકીય એકમોનો હિસાબ
- બજેટનો ઓડિટ

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૧૩

# નાણાકીય પ્રશાસન

FINANCIAL GOVERNANCE

---

## નાણાકીય પ્રશાસન
FINANCIAL GOVERNANCE

### પ્રસ્તાવના
PREFACE

- ભારતીય શાસનમાં નાણાકીય શાસન એક મહત્ત્વપૂર્ણ પક્ષ છે. જેના અમલનું **પ્રાથમિક માધ્યમ** બજેટ છે.
- બજેટ કોઈ નાણાકીય વર્ષમાં સરકારની **અંદાજિત આવક અને ખર્ચનું વિવરણ** છે. બજેટ કારોબારી દ્વારા વિધેયક બનાવી રજુ કરવામાં આવેલ અને ધારાકીય દ્વારા મંજૂર કરવામાં આવતો સરકારનો એક નાણાકીય દસ્તાવેજ છે.
- ભારતમાં બજેટ સંબંધી પ્રક્રિયાનું વિવરણ કરતા સમયે એ વાતનો ઉલ્લેખ જરૂરી છે કે સંપૂર્ણ ભારત દેશમાં માત્ર એક બજેટ ન હોતા અનેક બજેટ હોય છે. **પુરા દેશ માટે** (કેન્દ્ર સરકારની આવક અને ખર્ચ માટે) કેન્દ્ર સરકાર એક બજેટ બનાવે છે. આ ઉપરાંત **પ્રત્યેક રાજ્ય પોતાનાં રાજ્ય માટે** (જે તે રાજ્ય સરકારની આવક અને ખર્ચ માટે) પોતાના અલગ બજેટ બનાવે છે.

**બજેટ શબ્દની ઉત્પતિ**

- બજેટ શબ્દ **ફ્રેંચ શબ્દ bougette (બુગે)** પરથી આવેલો છે. જેના પરથી **અંગ્રેજી શબ્દ Budge** બનેલો છે જેનો અર્થ **નાની ચામડાની થેલી** એવો થાય છે.
- બજેટમાં સરકાર (સરકાર વતી નાણાં કે અન્ય મંત્રી) આગામી નાણાકીય વર્ષ માટે સરકારના નાણાકીય કાર્યક્રમો અને નીતિઓને સંસદમાં ર **ડાની બેગમાં બજેટ સંબંધિત કાગળ** લઈને સંસદમાં આવતા હોવાથી આ શ

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

- ચર્ચાઓ બાદ સંસદના **બંને ગૃહોને થોડા સમય માટે મુલતવી** રખાય છે. આ વિરામ સમયગાળામાં દરેક મંત્રાલય કે ખાતાઓ અંગેની **અનુદાનની સમિતિઓ** જે તે મંત્રાલય દ્વારા માંગવામાં આવેલા અનુદાનનું પરીક્ષણ કરે છે અને તેના રિપોર્ટ ગૃહ સમક્ષ રજૂ કરે છે.
- નોંધ: **(૧)** ૨૦૦૪ બાદ ભારતમાં કુલ ખાતા સંબંધી સમિતિઓની સંખ્યા **૨૪ (ચોવીસ)** છે. જેમાંથી ૧૬ (સોળ) સમિતિઓનું ગઠન લોકસભાના સ્પીકર દ્વારા તેમજ બાકીની ૮ (આઠ) સમિતિઓનું ગઠન રાજ્યસભાના સભાપતિ દ્વારા કરવામાં આવે છે. **(૨)** આ સમિતિઓ એવા કોઈ સૂચન ન કરી શકે કે જે **'કાપ પ્રસ્તાવ'** પ્રકારના છે.

### અનુદાનો પર કાપ અને મતદાન

- ત્યારબાદના તબક્કામાં **અનુદાનની માંગણીઓ પર ચર્ચા અને મતદાન** કરવામાં આવે છે. સામાન્ય રીતે તમામ મંત્રાલયોએ પોતાના પ્રસ્તાવિત અનુદાનો માટે અલગ-અલગ માંગણીઓ તૈયાર કરી હોય છે. આ **અનુદાન પ્રસ્તાવ** (Motion) રૂપે રજૂ થાય છે. દરેક મંત્રાલયને તેમની માંગણીઓ માટે અલગ-અલગ સમય ફાળવવામાં આવતો હોય છે.
- ધારાસભા આવી માંગણીઓને **મંજૂર કે નામંજૂર** કરી શકે છે. આ ઉપરાંત તેમ વિવિધ **કાપ અંગે ભલામણ** કરી શકે છે. સામાન્ય રીતે બજેટમાં **ત્રણ પ્રકારના કાપ** રજુ કરી શકાય.
    - **નીતિગત કાપ (Policy Cut):** આ કાપનો હેતુ કોઈ પણ અનુદાનની નીતિને નકારવાનો છે. આ કાપ અંતર્ગત અનુદાનની તમામ રકમ કાપીને **માત્ર ₹ ૧ ની કુલ રકમ મંજૂર** કરવામાં આવે છે.
    - **આર્થિક કાપ (Economical Cut):** આ કાપનો હેતુ સરકારી ખર્ચમાં દુરુપિયોગને અટકાવવા તથા તે અંગે સરકાર અને ગૃહનું ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આ કાપમાં ખર્ચમાં **કોઈ નિશ્ચિત રકમ સુધીની કાપની** માંગ કરવામાં આવે છે. જો આવી માંગ મંજૂર થાય તો સરકારને કાપ બાદનો ખર્ચ મળે છે.
    - **સાંકેતિક કાપ (Token Cut):** આ કાપનો હેતુ સરકારને કરકસર અંગે સૂચિત કરવાનો છે. આ કાપમાં કુલ ખર્ચમાં **₹ ૧૦૦ કાપી બાકીનો ખર્ચ** મંજૂર કરવામાં આવે છે. અહીં સરકારને નાણાં તો મળે છે, પરંતુ તે અંગે તેની જવાબદેહી અંગે સૂચના મળે તેમ જોવામાં આવે છે.
- જો કોઈ અનુદાન પર કાપ મૂકવામાં આવ્યો હોય, તો સૌપ્રથમ તેનો નિકાલ કરવો જરૂરી છે ત્યારબાદ જ અનુદાન પર મતદાન થઈ શકે છે. (નોંધ: સંસદીય પ્રણાલીઓ જેવી કે, ભારતમાં કાપ પ્રસ્તાવો નામમાત્રના છે. કારણ કે વ્યવહારુ દૃષ્ટિએ તેમના પસાર થવાની શક્યતા નહીવત્ છે. જો કાપ પ્રસ્તાવ પસાર થાય તો સરકારની નિંદા થઈ ગણાય.)
- અનુદાનની માંગણીઓ પર જો નિયત સમયગાળાના અંતિમ દિવસ સુધીમાં મતદાન પૂરું ન થાય તો બાકી રહેલા અનુદાનો પર એકસાથે મતદાન કરાવવામાં આવે છે. જે **ગિલોટિન (Guillotine)** તરીકે ઓળખાય છે.

### વિનિયોગ અધિનિયમ

- અનુદાન પર મતદાન થવાથી સરકારને સંચિત નિધિમાંથી આપોઆપ નાણાં મેળવવાની સત્તા મળી જતી નથી. સંચિત નિધિમાંથી મંત્રાલયે નાણાં [illegible] ~~opriation Act) પસાર કરવો જરૂરી છે.~~

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

# ૧૪. શાસનમાં નાગરિક ભાગીદારી

- નાગરિક ભાગીદારી : પ્રસ્તાવના
- નાગરિક સમાજ: સમજૂતી, લક્ષણો, વર્ગીકરણ, ઘટકો, સંસ્થાઓ
- સામાજિક ભાગીદારીના લાભ, ટીકાઓ.
- કાનૂની અથવા વૈધાનિક પરિમાણ
- નાગરિક સમાજ અને સુશાસન
- બિન સરકારી સંસ્થાઓ (NGOs) : હાલની પરિસ્થિતિ, વગેરે
- ભારતીય રાજ્ય અને બિન સરકારી સંસ્થાઓ વચ્ચેનો સંબંધ
- સ્વૈચ્છિક ક્ષેત્ર પર રાષ્ટ્રીય નીતિ, ૨૦૦૭
- બિન સરકારી સંસ્થાઓ અને પર્યાવરણ સંરક્ષમ
- સ્વ=સહાય સમૂહો (SHG) : પ્રસ્તાવના, લાભ, મર્યાદા, ભલામણો
- દાબ સમૂહો: રચના, કારણો, વિશેષતાઓ, ભૂમિકા , મર્યાદાઓ
- રાજકીય પક્ષો અને દાબ સમૂહો
- માર્ગદર્શક સિદ્ધાંતો અને દાબ સમૂહો
- ભારતીય વિરુદ્ધ પશ્ચિમી દાબ સમૂહો
- સામાજિક અન્વેષણ : અર્થ, પ્રકારો, ઈતિહાસ, સિદ્ધાંતો, પ્રક્રિયા, જરૂર, મર્યાદા

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

પ્રકરણ - ૧૪

# શાસનમાં નાગરિક ભાગીદારી

## CITIZEN PARTICIPATION IN GOVERNANCE

## પ્રસ્તાવના
### PREFACE

**શાસનમાં સરકારના અંગો, અમલદારશાહી, બજાર ઉપરાંત નાગરિકોની ભાગીદારી પણ એક મહત્વનું ઘટક છે. નાગરિક ભાગીદારી ઔપચારિક અને અનૌપચારિક સંગઠનો દ્વારા જોવા મળે છે. આવા સંગઠનોમાં નાગરિક સમાજ, બિન સરકારી સંસ્થાઓ, સ્વ-સહાય સંસ્થાઓ, દાબ સમૂહો વગેરેનો સમાવેશ થાય છે.** શાસનમાં નાગરિક ભાગીદારી તથા આ સંગઠનનો વિષે આ પ્રકરણમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

## વહીવટમાં લોકોની ભાગીદારી
### PEOPLE'S PARTICIPATION IN ADMINISTRATION

નાગરિકો વહીવટી પ્રક્રિયાઓ અંગે જાણકાર હોતા નથી, તથા તે **અસંગઠીત (અનૌપચારિક)** હોય છે, આથી વહીવટ પર તેઓ નિશ્ચિત અને અસરકારક પ્રભાવ પાડી શકતા નથી. સમાપક્ષે શાસન પર પ્રભાવી નાગરિક ભાગીદારી માટે નીચે દર્શાવ્યા મુજબની વિવિધ પ્રક્રિયાઓ છે.

### ચૂંટણીઓ (ELECTIONS)

ભારતમાં **'એન્ગ્લો સેકશન'** પ્રણાલી મુજબ વહીવટીતંત્ર પર **કારોબારી અંગનું સીધું નિયંત્રણ** છે. ભારતમાં બ્રિટનની જેમ સંસદીય શાસન પ્રણાલી જોવા મળે છે. જેમાં સાચી કારોબારી તરીકે કેબિનેટ કાર્ય કરે છે, જે ધારાકીયમાંથી જન્મે છે. આથી કેબિનેટ પોતાના કાર્યો અને સત્તાઓ પ્રત્યે ધારાકીયને જવાબદેહ હોય છે. ધારાકીય અંગ મતદાતાઓને જવાબદેહ હોય છે. આમ વહીવટીતંત્ર પર નાગરિકો અપ્રત્યક્ષ રીતે નિયંત્રણ ધરાવે છે.

UNITY PUBLICATION

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

## સ્વૈચ્છિક ક્ષેત્ર પર રાષ્ટ્રીય નીતિ, ૨૦૦૭
NATIONAL POLICY ON THE VOLUNTARY SECTOR, 2007

- આ નીતિનો હેતુ સ્વૈચ્છિક ક્ષેત્રને મજબૂત કરવાનો, પ્રોત્સાહન અપવાનો અને તેનો વિકાસ કરવાનો છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓમાં **સમુદાય આધારિત સંસ્થાઓ** (Community Based Organisations - CBOs), **બિન સરકારી સંસ્થાઓ** (Non-Governmental Organisations - NGOs), **સેવાભાવી સંસ્થાઓ** (Charitable Organisations), **સહાયક સંસ્થાઓ** (Support Organisations) અને **વ્યાવસાયિક સંગઠનો** (Professional Associations)નો સમાવેશ થાય છે.
- આ નીતિનો હેતુ એવી પદ્ધતિઓ ઓળખવાનો છે કે જેના દ્વારા સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે પરસ્પર વિશ્વાસ અને આદરના સિદ્ધાંતોના આધારે અને સહિયારી જવાબદારી સાથે કામ કરી શકે.
- આ નીતિ સ્વૈચ્છિક સંસ્થાઓની સ્વતંત્રતાનો આદર કરે છે. તથા તેમને વિકાસના વૈકલ્પિક મોડલ શોધવા માટે સક્ષમ બનાવે છે.
- આ નીતિ સ્વૈચ્છિક સંસ્થાઓને **ભારત અને વિદેશમાંથી નાણાકીય સંસાધનો** એકત્ર કરવા સક્ષમ બનાવે છે.
- આ નીતિ સ્વૈચ્છિક સંસ્થાઓને શાસન અને વ્યવસ્થાપનની પારદર્શક અને જવાબદાર પ્રણાલી અપનાવવા પ્રોત્સાહિત કરે છે.
- આ નીતિ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે રચનાત્મક સંબંધો પર પૂર્વ-સેવા અને સેવામાં **તાલીમ મોડ્યુલ** રજૂ કરવા માટે તમામ કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓને પ્રોત્સાહિત કરવાની સરકારની જરૂરિયાત પર પ્રકાશ પાડે છે.

## સંબંધ સુધારવા માટે વિવિધ પગલાં
VARIOUS STEPS TO IMPROVE THE RELATIONSHIP

- દ્વિતીય વહીવટી સુધારણા આયોગે સરકાર પાસેથી ભંડોળ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ માટે માન્યતા પ્રણાલી ઘડવા માટે **નેશનલ એક્રેડિટેશન કાઉન્સિલ** (National Accreditation Council)ની સ્થાપના કરવાની ભલામણ કરી હતી.
- શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં સ્વ-સહાય સમૂહોની ચળવળના વિસ્તરણને પ્રોત્સાહન આપવું.
- સરકારે બિન સરકારી સંસ્થાઓ માટે વધુ સમય, અવકાશ, કર પ્રોત્સાહનો, ફ્રન્ટલાઈન વર્કર્સની તાલીમ માટે ભંડોળ વગેરે આપવું જોઈએ.
- આ ઉપરાંત, **Foreign Contribution Regulation Act**ને નાણા મંત્રાલય હેઠળ આવરી શકાય છે અને સરકારે NHRC, વિવિધ સમિતિઓ વગેરે જેવી સંસ્થાઓમાં અગ્રણી બિન સરકારી સંસ્થાઓને સામેલ કરવા માટે જોગવાઈ કરવી જોઈએ.
- મહિલા જૂથના ધિરાણમાં સુધા[illegible]**કામગીરી અને મૂડીમાં વધારો** કરવો જોઈએ.

DEMO COPY
To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya



UNITY PUBLICATION

- દાબ સમૂહો તેમના લક્ષ્યો અને ઉદ્દેશ્યો પર આધાર રાખીને, **બિન-કાયમી અથવા કાયમી** હોઈ શકે છે, જ્યારે રાજકીય પક્ષો **હંમેશા કાયમી** હોય છે અને ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત હોય છે.
- રાજકીય પક્ષો ચૂંટણીમાં સ્પર્ધા કરે છે જ્યારે દાબ સમૂહો માત્ર સત્તામાં રહેલા રાજકીય પક્ષને પ્રભાવિત કરે છે. રાજકીય પક્ષો જાહેર નીતિઓ બનાવે છે. જ્યારે દાબ સમૂહો જાહેર નીતિને પ્રભાવિત કરે છે.
- રાજકીય પક્ષો બંધારણીય પદ્ધતિઓનું પાલન કરે છે જ્યારે દાબ સમૂહો કાયદાકીય પદ્ધતિઓ જેમ કે લોબિંગ અને ગેરકાયદેસર પદ્ધતિઓ જેવી કે હડતાલ વગેરેનો ઉપયોગ કરે છે.

## માર્ગદર્શક સિદ્ધાંતો અને દાબ સમૂહો

DIRECTIVE PRINCIPLES AND PRESSURE GROUPS

- બંધારણનો અનુચ્છેદ ૩૮ ન્યાયપૂર્ણ સામાજિક-આર્થિક વ્યવસ્થા માટે અનુરોધ કરે છે. જેના અમલ અર્થે વિવિધ યુનિયનો જેમ કે CITU, AITUC કાર્યરત છે. વિવિધ રાજકીય પક્ષોની નીતિઓ જેમ કે **લઘુત્તમ વેતન (અનુચ્છેદ - ૪૩)**, **ઉદ્યોગ સંચાલનમાં કામદારોની ભાગીદારી (અનુચ્છેદ ૪૩-એ)** વગેરે સિદ્ધાંતોના હેતુઓને પૂર્ણ કરવા પ્રયાસો કરે છે.
- **અનુચ્છેદ ૩૯-(એ)**ના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા NALSA જેવી કાનૂની સહાય સંસ્થાઓ ગરીબોને મફત કાનૂની સલાહો અને મદદ પૂરી પાડે છે.
- પર્યાવરણીય સંરક્ષણ જૂથો જેમ કે, ગ્રીનપીસ ફાઉન્ડેશન, બ્લુ ક્રોસ, વગેરે, **અનુચ્છેદ ૪૮-(એ)**ના હેતુઓની પ્રાપ્તિ માટે સહાયરૂપ છે.
- **અનુચ્છેદ-૫૧ની** જોગવાઇઓને પરિપૂર્ણ કરવા IDSA શાંતિપૂર્ણ અને સહકારી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા મુત્સદ્દીગીરી સાથે મદદ કરે છે.
- **અનુચ્છેદ-૪૩ના** હેતુઓને પરિપૂર્ણ કરવા ફેર ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (FTO) કુટીર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે.
- SEWA, મહિલા શક્તિકરણ આંદોલન, વગેરે જેવી સંસ્થાઓએ સ્ત્રીઓ માટે પ્રસૂતિ લાભમાં સુધારા, ભારતીય ફોજદારી સંહિતા (IPC)ની કલમ ૪૯૮-એ (ઘરેલું હિંસા) જેવી વિવિધ જોગવાઇઓ ઘડવામાં મદદ કરી.
- એ જ રીતે બચપન બચાવો આંદોલન (BBA) એ રાષ્ટ્રીય બાળ નીતિ, નવા શ્રમ સુધારા, પોસ્કો વગેરેમાં સુધારા કરવા પ્રેરિત કર્યા છે.
- **અનુચ્છેદ-૪૭ના** હેતુઓને સિદ્ધ કરવા અક્ષયપાત્ર જેવી સંસ્થાઓ મધ્યાહન ભોજન યોજનામાં સહાય કરી બાળકો માટે પોષણની ખાતરી કરે છે. આ ઉપરાંત તે ડ્રગ (દવાઓ)ના અતિરેક અને દુરુપિયોગ સામે પણ લડે છે
- ભારતીય કિસાન સંઘ, RKSS, શેતકરી સંગઠન જેવી સંસ્થાઓ વૈજ્ઞાનિક ખેતી અને પશુપાલન **(અનુચ્છેદ-૪૮)**ના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તથા ખેડતોના અધિકારો માટે લડવામાં મદદ કરે છે, સાથોસાથ કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીના પ્રસાર માટે પણ મદદરૂપ થાય છે.

UNITY PUBLICATION

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
or download application - Unity Publication from Play Store
and Join Telegram Channel - Unity Publication Madhav Dholakiya

# ૧૫. પર્યાવરણીય શાસન

- પર્યાવરણીય શાસન : પ્રસ્તાવના
- સારા પર્યાવરણીય શાસનના ઘટકો
- ભારતમાં પર્યાવરણીય શાસનની સમીક્ષા
- કાનૂની અથવા વૈધાનિક પરિમાણ

DEMO COPY

To pre-order visit www.unitypublication.org
